આજનો સુવિચાર
સારૂ પરિણામ મેળવવા માટે વાતોથી નહીં, પણ રાતોથી લડવુ પડે છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૭૩ જૂનાગઢ તા.૩૦-૧૦-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 273, Junagadh : Date : 30 October, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# અમિત શાહે કેનેડામાં હિંસા કરાવી : ટ્રુડો સરકારનો ગંભીર આક્ષેપ

ઓટાવા તા. ૩૦

ટૂડો સરકારના એક મંત્રીએ કહ્યું કે અમિત શાહે કેનેડામાં શીખ અલગતાવાદીઓ સામે કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો. રોઈટર્સના અહેવાલ મુજબ કેનેડાના નાયબ વિદેશ મંત્રી ડેવિડ મોરિસને મંગળવારે સંસદીય પેનલમાં આ નિવેદન આપ્યું હતું.

મોરિસને સંસદીય પેનલને કહ્યું કે, અમેરિકન અખબાર વોશિંગ્ટન પોસ્ટને કહ્યું છે કે, ભારતના ગૃહમંત્રી આ મામલામાં સામેલ છે. મોરિસને કહ્યું કે તેમણે જ ભારત-કેનેડા બેઠક સાથે જોડાયેલી માહિતી અમેરિકન અખબારને આપી હતી.

વોશિંગ્ટન પોસ્ટના એક પત્રકારે તેમને ફોન કર્યો અને પૂછ્યું કે શું આ (અમિત શાહ) એ જ વ્યક્તિ છે. મેં કહ્યું હા, તે એ જ વ્યક્તિ છે.

૧૪ ઓક્ટોબરે અમેરિકન મીડિયા હાઉસ વોશિંગ્ટન પોસ્ટે કેનેડાના અધિકારીઓને ટાંકીને દાવો કર્યો હતો કે ગૃહમંત્રી અમિત શાહ અને ભારતીય ગુપ્તચર એજન્સી RAWએ સંયુક્ત રીતે કેનેડામાં ગુપ્ત માહિતી એકત્ર કરવા અને ખાલિસ્તાની આતંકવાદીઓને હુમલો કરવાની મંજૂરી આપી હતી.

ભારત અને કેનેડા વચ્ચેના સતત તનાવભર્યા બની રહેલા ડિપ્લોમેટીક સંબંધોમાં હવે કેનેડાની ટ્રુડો સરકારના બે સીનીયર મંત્રીઓએ એવો દાવો કર્યો છે કે કેનેડાની ધરતી પરની કેનેડીયન વિરોધી પ્રવૃતિમાં ભારતીય વડાપ્રધાનના 'ખાસ' અમીત શાહનો હાથ છે. અમેરિકી અખબાર ધ વોશિંગ્ટન પોષ્ટને મળેલા કેટલાક લીક થયેલા ગુપ્ત દસ્તાવેજો મુજબ કેનેડાના વિદેશ વિભાગના બે નાયબ મંત્રીઓએ કેનેડા સરકારની પબ્લીક સેફટી કમીટી સમક્ષ જે જુબાની આપી હતી. આ દસ્તાવેજો આ બન્ને મંત્રીઓએ વોશિંગ્ટન પોષ્ટને લીક કર્યા હતા. આ મંત્રીઓની ઓળખ ડેવિડ મોરીસન અને નાર્થીલી ડ્રોઉન તરીકે થઈ છે અને તેમાં નિજજર હત્યાકાંડમાં પણ અમિત શાહની ભૂમિકા હોવાનો દાવો કર્યો છે અને મહિલા મંત્રી નાર્થીલીએ દાવો કર્યો કે તેને આ દસ્તાવેજો લીક કરવા માટે વડાપ્રધાન જસ્ટીન ટૂડોની મંજુરીની જરૂર નથી. આ મંત્રીએ ૨૦૨૩માં તા.૩૦ સપ્ટેમ્બરના શિખ એકટીવીસ્ટ સુબદુલ ગીલની હત્યામાં પણ ભારતની સંડોવણી હોવાનો દાવો કર્યો છે જયારે જુન ૨૦૨૩માં શિખ આતંકવાદી નિજજરની હત્યા પણ ભારત સરકારના ઈશારે થઈ હોવાનો આક્ષેપ કરાયો છે. આ બન્ને મંત્રીઓએ દસ્તાવેજો લીક કરવા પાછળ કેનેડાનો રાજદ્વારી વ્યુહ હોવાનો દાવો કર્યો છે.

તેમણે જણાવ્યુ છે કે, આ હત્યામાં તથા કેનડાની ધરતી પરની કેનેડીયન વિરોધી પ્રવૃતિના આદેશ સીધા અમિત શાહે જ આપ્યા હતા. આ બન્ને મંત્રીઓએ દેશની નેશનલ સિકયોરીટી કમીટીના સાંસદો સમક્ષ કબુલ કર્યુ હતું કે તેઓએ વોશિંગ્ટન પોષ્ટને અમિત શાહનું નામ પણ આપ્યુ હતું. વિદેશ રાજયમંત્રી મોરીસને કહ્યું કે પત્રકારે મને ચોકકસ નામ કહ્યું અને મે તે કન્ફર્મ કર્યુ હતું. દાવો કર્યો કે નિજજરની હત્યામાં ભારત સરકારની સંડોવણી અંગે કેનેડા સામે પુરતા અને મજબૂત પુરાવા છે અને આ પુરાવા ભારત સરકારને સુપ્રત પણ કર્યા છે. આ અગાઉ અમેરિકા અને કેનેડાનું બેવડું નાગરીકત્વ ધરાવતા શીખ ફોર જસ્ટીસના વડા અને ખાલીસ્તાની નેતા હરપ્રીતસિંહ પન્નુએ પણ નિજજરની હત્યા અને તેના હત્યાના ષડયંત્રમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાકાર અજીત દોભાલની ભૂમિકા હોવાનો પણ દાવો કર્યો હતો.

## વડાપ્રધાન મોદી આજથી બે દિવસ ગુજરાતનાં પ્રવાસે : રૂા. ૨૮૦ કરોડનાં વિકાસ કાર્યોનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે



નવી દિલ્હી, તા.૩૦: વડાપ્રધાન મોદી આજે તા.૩૦ અને ૩૧ ઓક્ટોબરે ગુજરાતના પ્રવાસે છે. આ સમય દરમિયાન તેઓ એકતા નગરની પણ મુલાકાત લેશે, જ્યાં તેઓ વિવિધ વિકાસ પ્રોજેક્ટોનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે. આ પ્રવાસ ન માત્ર એકતા નગરના વિકાસને નવી ગતિ આપશે, પરંતુ રાષ્ટ્રીય એકતા દિવસના અવસર પર વિશેષ મહત્વ પણ ધરાવે છે.


વડાપ્રધાન આજે સાંજે ૫ વાગ્યે કેવડિયા, એકતા નગર પહોંચશે, જ્યાં તેઓ રૂ. ૨૮૦ કરોડથી વધુના મૂલ્યની વિવિધ વિકાસ યોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે. આ પ્રોજેક્ટ્સમાં સબપ્રડિસ્ટ્રિક્ટ હોસ્પીટલ, ટ્રાફિક સર્કલ, સ્માર્ટ બસ સ્ટોપ, CESLપ્રકાર ચાર્જિંગ પોર્ટ, ૪ મેગાવોટ ક્ષમતાનો સોલાર પ્રોજેક્ટ અને વ્હીલ્સ પર ઈન્ટેન્સિવ કેર યુનિટનો સમાવેશ થાય છે.

સાંજે ૬ વાગ્યે, વડાપ્રધાન ૯૯મા કોમન ફાઉન્ડેશન કોર્સ - આરંભ ૨૦૨૪ને સંબોધિત કરશે, જે યુવાનોને પ્રેરણા આપવા અને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવાનો એક મહત્વપૂર્ણ કાર્યક્રમ છે. આ પછી સાંજે ૭:૧૫ કલાકે વડાપ્રધાન નર્મદા દીપોત્સવમાં હાજરી આપશે અને નર્મદા આરતીમાં ભાગ લેશે. નર્મદા ઘાટને દીવાઓથી શણગારવામાં આવશે, જે પ્રસંગને વધુ ભવ્ય બનાવશે.

૩૧ ઓક્ટોબરે વડાપ્રધાન રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે વિશેષ કાર્યક્રમોમાં ભાગ લેશે. સવારે ૭.૧૫ કલાકે તેઓ પુષ્પાંજલિ અર્પણ કરશે અને સરદાર પટેલને શ્રદ્ધાંજલિ આપશે. આ પછી, તેઓ સાંજે ૭:૩૦ વાગ્યે પરેડ ગ્રાઉન્ડ પર એકતા પરેડમાં સામેલ થશે અને રાષ્ટ્રને સંબોધિત કરશે. વડાપ્રધાન સવારે ૧૦ વાગે દિલ્હી જવા રવાના થશે.

## સમાચાર રાઉન્ડ અપ

- ગઈકાલે ધનતેરસનાં દિવસે દેશમાં ૩૫ ટન સોનાનું વેચાણ થયું
- રાજુલાનાં ધારાસભ્ય હીરા સોલંકીનાં જમાઈ અને અમરેલી જીલ્લા યુવા ભાજપ પ્રમુખ ચેતન શિયાળ પર કુહાડીથી હુમલો : માછીમારો સાથે ધમાલ
- સ્વિસ કંપનીઓ ભારતમાં ૧૦૦ અબજ ડોલરનું જંગી રોકાણ કરશે : ૧૦ લાખ લોકોને રોજગાર મળશે
- આજે સોનાનો ભાવ નવી ઐતિહાસીક ટોચે પહોંચ્યો : ૧૦ ગ્રામનાં રૂા. ૮૨૦૦૦, ચાંદીનો ભાવ રૂા. ૧૦૧૦૦૦

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર
હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન

ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન: (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૮૪, મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005
અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ
હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,ક્લોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપૂર્ણ તપાસ
માત્ર 749/- કિંમત 2870/-
માત્ર 1349/- કિંમત 5060/-
સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦
કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

SALE 70%*
દિપાવલીની હાર્દિક શુભેચ્છા....
● સ્કુલ બેગ
● કોલેજ બેગ
● ઓફીસ બેગ
● ટ્રોલી બેગ
● લેડીઝ પર્સ
તથા તમામ પ્રકારની ટ્રાવેલીંગ બેગ મળશે
તહેવારોમાં ખરીદી કરો, તમારી બેગ સાથે...
આ ઓફર ફક્ત ટ્રોલી બેગ પુરતી મર્યાદીત છે
VIP safari WILDCRAFT Skybags Genie ARISTOCRAT
જય જલારામ બેગ
પોસ્ટ ઓફીસ રોડ, શાક માર્કેટવાળી શેરી, જૂનાગઢ. મો. ૯૮૭૯૮ ૭૭૨૭૫

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?
ઓપરેશન કરાવતા પહેલા
આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ
૨૦ વર્ષનાં અનુભવી
કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો
(પચીસ રોગોની કાયાકલ્પ દવા)
હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટોરીયા, એસીડીટી વગેરે માટે
(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)
મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ
(મું. વડાલ વાળા)

દિવાળીની હાર્દિક શુભેચ્છા...
હાર્દિકભાઈ કાચા મો. ૭૬૯૮૬ ૯૧૩૯૮
ચિંતનભાઈ કાચા મો. ૯૮૨૫૯ ૭૪૯૬૩
Since 1999
હાર્દિક ફાસ્ટફૂડ
Junagadh's Favorite Fast Food Shop
Time : 10:00 am to 11:00 pm
Order Online On SWIGGY
Order Online On ZOMATO
તળાવ દરવાજા, સંકલ્પ કોમ્પ્લેક્ષ, પેટ્રોલ પંપની સામે, જૂનાગઢ

"Chiropratic"
ગરદન સંબંધિત માથાનો દુઃખાવો ઘટાડવામાં મદદ કરે છે. તમારી મુદ્રામાં સુધારો કરે છે. પીડા ઘટાડે છે અને તમારી કરોડરજ્જુ અને અન્ય સાંધાઓની ગતિની શ્રેણીમાં સુધારો કરે છે. અસ્થિવા જેવી ક્રોનિક સ્થિતિના લક્ષણો ઘટાડે છે. ગરદન અથવા કરોડરજ્જુની નાની ઇજાઓ, ખાસ કરીને વ્હીપ્લેશની સારવાર કરે છે.
"Tera- Herts"
ટેરાહાર્ટ્ઝ આવર્તન સામાન્ય શારીરિક કોષોની સમાન આવર્તન પર વાઈબ્રેટ કરે છે, તેથી તે તમારી રોગ પ્રતિકારક શકિતને વેગ આપે છે, કોષોમાં ચયાપચયની પ્રવૃતિમાં વધારો કરે છે, સેલ્યુલર ઓકિસજનેશનમાં વધારો કરે છે તેમજ રકત પ્રવાહમાં વધારા કરે છે.
"Kashya Therapy"
શરીરની ગરમી ઘટાડે છે. આંખોમાં થતી બળતરા મટાડે છે. રકત પરિભ્રમણ સુધારે છે.
"Accupressure"
ચોકકસ ચેતાને ઉત્તેજીત કરવાથી પીડાની સંવેદના ઘટાડવામાં મદદ મળી શકે છે. સંશોધકો એ પણ જોયુ કે એક્યુપ્રેશર સ્ટ્રેસ હોર્મોન કોર્ટિસોલનું સ્તર ઘટાડે છે. તે એન્ડોર્ફિન્સનું સ્તર પણ વધારે છે. જે રસાયણોનું સ્તર પણ વધારે છે. જે રસાયણો છે. જે મુડને વેગ આપે છે. અને પીડાન લાગણી ઘટાડે છે. છેલ્લે, એક્યુપ્રેશર રકત પરિભ્રમણને સુધારી શકે છે.
KHUSHI WELNESS Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આઝીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિતાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જૂનાગઢ.

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો.: ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

દિવાળીનાં તહેવાર નિમિતે
સતત ૩૫ વર્ષથી આપની સેવામાં
દિપકભાઈ રૂપારેલીયા
૯૯૨૫૩ ૯૯૨૫૫
૯૪૨૭૭ ૪૧૪૨૪
જલારામ
ફરસાણ & ડેરીફાર્મ
પ્રો. મનસુખભાઈ રૂપારેલીયા
એમ. જી. રોડ, રાણાવાવ ચોક, તાલુકા શાળા સામે, જૂનાગઢ.
ફ્રાઈફ્રુટ ધારી – રૂા.૩૨૦
ફ્રાઈફ્રુટ ઘુઘરા – રૂા. ૩૨૦
પૌવા ચેવડો – રૂા. ૧૮૦
સ્પે. ચવાણું – રૂા. ૧૮૦
પંચરત્ન ચેવડો – રૂા. ૨૦૦
ઘઉંનાં પૌવાનો ચેવડો – રૂા. ૨૦૦
તથા દૂધની ફેન્સી મીઠાઈ મળશે

# ભક્તકવિ નરસીંહ મહેતા સ્ટાફ પરિવાર દ્વારા ધનતેરસનાં વધામણાં માતા સરસ્વતી અને લક્ષ્મીજીની પુજા અર્ચના સાથે કરી

## દિપોત્સવી પર્વ વ્યક્તિનાં જીવનમાં ખામી-ખુબીને પારખી,જૂના મન-મતભેદ ભુલીને કર્મભાવને સાક્ષીભાવે નીરખીને સંતોષસભર જીવન પામવાનો અવસર : પ્રો.(ડો.)ચેતન ત્રિવેદી કુલપતિ





જૂનાગઢ, તા.૩૦

આપણી ઉત્સવ પરંપરામાં વર્ષમાં દિપોત્સવીનુંપર્વ જીવનમાં નવી ઉર્જાનો સંચાર કરવાનો તહેવાર છે. આજે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીની અધ્યક્ષતામાં યુનિ. સ્ટાફ પરિવાર દ્વારા ધનતેરસનાં વધામણાં માતા સરસ્વતીની આરાધના અને માતા લક્ષ્મીજીની પુજા અર્ચના દ્વારા ભાવ ભક્તિથી કરવામાં આવેલ. આ પ્રસંગે કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીએ યુનિ. સ્ટાફ પરિવાર દ્વારા આયોજીત શ્રધ્ધા-આસ્થા સાથે માતા સરસ્વતિ અને લક્ષ્મીમાતાનું પુજન અર્ચન કરી ઉપસ્થિત સૌ કર્મયોગી સ્ટાફને દિપોત્સવી પર્વની શુભકામનાં પાઠતા જણાવ્યું હતું કે દિવાળીનો તહેવાર એ એકતા અને ભાઈચારાનો સંદેશો આપે છે સાથે આપણને અંધકાર પર પ્રકાશનો વિજય અને બુરાઈ પર સારાઈનો વિજયની યાદ અપાવે છે.સ્વચ્છતા, પ્રકાશ,આનંદ,અને ઉત્સાહનાં પાવન પર્વ દિવાળીની આપ સૌને હાર્દિક શુભકામનાઓ અને દિપોત્સવી પર્વ સૌના જીવનમાં પ્રકાશ અને આનંદ-ઉત્સાહનો સંચાર કરનાર બની રહે તેવી મંગલ કામના પાઠવી ડો. ત્રિવેદીએ જણાવ્યુ હતુ કે અજવાશનું આ પર્વ આપ સૌનાં જીવનમાં અનેરી રોશની લઈને આવે, રંગોળીનાં તમામ રંગ આપનાં જીવનમાં ઉમેરાતા રહે, સુખ-સમૃદ્ધિ અને સૌભાગ્યમાં વૃદ્ધિ થતી રહે, અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશ તરફની ઉર્ધ્વગતિના મહાપર્વ દિવાળીની આપ સૌને આત્મીય શુભેચ્છાઓ પાઠવું છું. આ પાવન પર્વ સૌના જીવનમાં શાંતિ અને કલ્યાણનો ઉજાસ લઈને આવે તેવી પ્રાર્થના. ડો. ચેતન ત્રિવેદીએ સ્ટાફ સદસ્યોને સંબોધતા ઉમેર્યુ હતુ કે તમારૂં ભાગ્ય ના કોઈ બગાડી શકે, ના કોઈ સુધારી શકે, શ્રેષ્ઠ કર્મ કરતા રહો, સૃષ્ટિ પર કોઈની તાકાત નથી કે તમારા સ્વપ્રને સાકાર થતા રોકી શકે સ્વપ્રને સિધ્ધ કરવા માટેનો એક રસ્તો એ પણ છે કે મન, વચન અને કર્મથી પણ કોઈના માટે રાગદ્વેષ રાખવા જોઈએ નહીં, તમારા સ્વપ્રને શ્રેષ્ઠત્તમ રીતે સિધ્ધ કરવા હોય તો તમારે તમારી આજુબાજુના બધા સારા-નરસા લોકોને માફ કરતા શીખવું જોશે, બધા પ્રત્યે સહાનુભુતિ પુર્વક પરિવાર ભાવ કેળવવો પડશે. સાથે ભલે ગમે તેટલું ખોટું કરવામાં આવ્યું હોય તો પણ એવી વ્યક્તિને પ્રત્યે મનમાં ક્યારેય કડવાશ લાવવી જોઈએ નહીં પણ માત્રને માત્ર તેને આશીર્વાદ અને દુઆઓ આપવી જોઈએ. ભક્ત, ભક્તિ અને ભગવાન- જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન એ ત્યાં સુધી છે, જ્યાં સુધી તમે લક્ષ્ય પર નથી પહોંચતા. જેવું લક્ષ્ય પર પહોંચીએ કે ભક્ત જે જ્ઞાતા છે, ભક્તિ જે જ્ઞાન છે અને જ્ઞેય જે ભગવાન છે, એ બધું એક જ- જ્ઞેય બની જાય છે. યુનિ.નાં કાર્યકારી રજીસ્ટ્રાર ડો. મયંક સોનીએ પ્રારંભે ધનતેરસનાં અવસરે પુજા કાર્યની રૂપરેખા આપી સૌ સાથી કર્મયોગીઓને આવકાર્યા હતા. સુશ્રી ભુમિકાબેન રાજગોર દંપતિ દ્વારા માતા લક્ષ્મી અને સરસ્વતીનું શાસ્ત્રોક્ત પુજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં યુનિ.નાં વહીવટી પાંખનાં સૌ કર્મયોગીઓ ઉપસ્થિત રહી દિવાળીનાં તહેવારોની પરસ્પર શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

# ધનતેરસના પાવન પર્વે સોમનાથ મહાદેવના ભક્તોને મળી 'દિવાળીની આકાશી ભેટ'

## શ્રી સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ - દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સમર્થ પ્રયત્નથી શરૂ કરાઈ અમદાવાદ-કેશોદ વિમાનસેવા

### કેશોદ આવનાર યાત્રીઓને સોમનાથ સુધીની કોમ્પલીમેન્ટરી એરકન્ડિશન બસ સેવા ઉપલબ્ધ કરાવાશે

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતમાં સૌરાષ્ટ્રના દરિયાકાંઠે ભગવાન ભોલેનાથનું ભવ્ય મંદિર સોમનાથ આવેલું છે. ભગવાન શિવના ૧૨ પવિત્ર જ્યોતિર્લિંગમાનું એક જ્યોતિર્લિંગ અહીં સોમનાથ ખાતે આવેલું છે. અહી દરરોજ હજારો શ્રદ્ધાળુઓ ભગવાન શિવના દર્શને આવતા હોય છે. સોમનાથની પવિત્ર યાત્રા કરવા આવતા શ્રદ્ધાળુઓ માટે શ્રેષ્ઠ માનવંદના અને આરામદાયક પ્રવાસ પ્રદાન કરવો હંમેશા સોમનાથ ટ્રસ્ટ અને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડનો પ્રથમ ઉદ્દેશ રહ્યો છે. જે અંતર્ગત સોમનાથ ટ્રસ્ટ દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સમર્થ પ્રયત્નથી આજથી ધનતેરસ પર્વના પાવન દિવસે સોમનાથ ખાતે દર્શને આવતા યાત્રિકો માટે અમદાવાદ-કેશોદ વિમાનસેવા તથા ત્યાંથી નિઃશુલ્ક પીકઅપ બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ભારતીય સંસ્કૃતિને પુનઃ ઉજાગર કરી ગુજરાત અને ભારતના તીર્થધામોને વૈશ્વિક પ્રવાસનમાં શીર્ષ પર લાવવાના સંકલ્પને અનુસરીને રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સાતત્યપૂર્ણ પ્રયત્નોથી પર્યટનને સરળ અને સુખદાયક બનાવવાના ઉદ્દેશ્ય સાથે આ વિકાસયાત્રાને અગ્રેસર કરી રહ્યા છે. મુખ્યમંત્રીશ્રીના સઘન પ્રયાસો અને યોગ્ય આયોજનની ફલશ્રુતિરૂપે હવે સોમનાથ મહાદેવના શ્રદ્ધાળુઓ અને સાસણ ગીરની મુલાકાતે આવનાર યાત્રિકો માટે હવે વધુ સુવિધાઓ ઉપલબ્ધ થઈ રહી છે. આ પ્રગતિશીલ દિશામાં એક મહત્વપૂર્ણ પગલા તરીકે અમદાવાદથી કેશોદ સીધી ફ્લાઈટ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આજે ધનતેરસના પવિત્ર પર્વે સોમનાથ મહાદેવના ભક્તોને સરકાર દ્વારા વિમાન સેવાની આકાશી ભેટ મળી છે.

અમદાવાદથી કેશોદ વિમાન સેવા અઠવાડિયામાં ત્રણ દિવસ એટલે કે મંગળવાર, ગુરૂવાર અને શનિવારના દિવસે ઉપલબ્ધ રહેશે, જે શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓને વધુ પ્રવાસન વિકલ્પો આપશે. ઉપરોક્ત દિવસો દરમ્યાન અમદાવાદથી સવારે ૧૦:૧૦ વાગ્યે ફ્લાઈટ ટેકઓફ કરશે અને ૧૦:૫૫ વાગ્યે કેશોદ પહોંચશે, જ્યારે કેશોદથી બપોરે ૧૩:૧૫ વાગ્યે ફ્લાઈટ ટેકઓફ કરી ૧૪:૩૦ વાગ્યે અમદાવાદ પરત આવશે.

આ ઉપરાંત શ્રી સોમનાથ ટ્રસ્ટ તરફથી નિઃશુલ્ક પીકઅપ બસ સેવાનો પણ પ્રારંભ કરવામાં આવ્યો છે. કેશોદ વિમાનમથક ઉપર ઉતરતા યાત્રિકો અને શ્રદ્ધાળુઓને ઉત્કૃષ્ટ આતિથ્ય અનુભવ આપવા માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક 'વાતાનુકૂલિત પીક-અપ બસ' સેવા શરૂ કરવામાં આવી છે. આ સેવાથી પ્રવર્તમાન મુંબઈ-કેશોદ ફ્લાઈટ, અને નવી પ્રારંભ થયેલ અમદાવાદ-કેશોદ ફ્લાઈટમાં આવનાર યાત્રાળુઓને આરામદાયક અને સુગમ મુસાફરીનો અનુભવ આપશે. સોમનાથના દેવદર્શન માટે આ નવી શરૂઆત સાથે આ વિમાન સેવા અને પીકઅપ બસની વ્યવસ્થા શ્રદ્ધાળુઓને અભૂતપૂર્વ અનુભવ કરાવશે. ગુજરાત સરકારના અવિરત પ્રયાસો અને વડાપ્રધાનશ્રીની અધ્યક્ષતામાં વિશ્વસ્તરીય યાત્રી સેવાના અભિગમને આત્મસાત કરનાર શ્રી સોમનાથ ટ્રસ્ટના સંયુક્ત પ્રયત્નોથી સોમનાથનો પ્રવાસ વધુ લોક ભોગ્ય, વધુ સરળ અને સોહામણો બની રહેશે, એમ સોમનાથ ટ્રસ્ટ અને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની યાદીમાં જણાવાયું છે.

# વ્યક્તિના નામ, અટક અને જન્મ તારીખમાં સુધારા માટે સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ કરવા વધુ બે નવી સેવાનો સમાવેશ કરાયો

ગાંધીનગર, તા.૩૦

સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી ગાંધીનગરની કચેરી દ્વારા વ્યક્તિના નામ, અટક અને જન્મ તારીખમાં સુધારા અંગે સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધિ કરવા માટે વધુ બે નવી સેવાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ બે સેવા રાજ્ય સરકારના સાધારણ અને અસાધારણ ગેઝેટમાં પ્રસિદ્ધિ કરવામાં આવશે, એમ સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી નિયામક ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

વધુમાં જણાવ્યા અનુસાર નામ, અટક બદલીને તાત્કાલિક અસાધારણ ગેઝેટમાં પ્રસિદ્ધિ માટે રૂા.૨,૫૦૦ અને સાધારણ ગેઝેટમાં રૂા.૧,૦૦૦ની નોન રિફન્ડેબલ રજીસ્ટ્રેશન ફી આપવાની રહેશે. અસાધારણ ગેઝેટમાં પ્રસિદ્ધિ માટે આવેલી અરજીઓ ત્રણ દિવસમાં અસાધારણ ગેઝેટના પાર્ટ-૨માં પ્રસિદ્ધ કરવામાં આવશે. જ્યારે સાધારણ ગેઝેટમાં દર ગુરૂવારે નિયમિત રીતે પ્રસિદ્ધ કરાતા ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

રસરકારી, અર્ધ સરકારી કચેરીઓમાં વિસંગતાઓ ઉભી થતી હોવાથી ઘણાં લોકો મુશ્કેલીમાં મુકાય છે આથી આ મુશ્કેલી દુર કરવાનો સરળ રસ્તો રાજ્ય સરકારે કર્યો છે. સરકારી ગેઝેટમાં જે નામ, અટક હોય તે સરકારી કચેરીઓમાં માન્ય રાખવામાં આવે છે. આ અંગેની વધુ માહિતી વેબસાઈટ https://egazette. gujarat. gov.in ઉપરથી મેળવી શકાય છે, તેમ યાદીમાં વધુમાં જણાવાયું છે.

# રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી અંતર્ગત ખંભાળિયા ખાતે રન ફોર યુનિટી કાર્યક્રમ યોજાયો

## જીલ્લા કલેકટર જી.ટી.પંડ્યા, ઈન્ચાર્જ જીલ્લા વિકાસ અધિકારી ભૂપેશ જોટાણીયા સહિતના મહાનુભાવોએ લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું



(પ્રતિનિધિ દ્વારા)

ખંભાળીયા, તા.૩૦

રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના ભાગરૂપે જિલ્લા કલેકટર જી.ટી.પંડ્યા, ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી ભૂપેશ જોટાણીયા સહિતનાએ પ્રાંત કચેરી, ખંભાળિયા ખાતે આયોજિત રન ફોર યુનિટીને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, દર વર્ષે ૩૧મી ઑક્ટોબરના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવે છે, ગુજરાતમાં સરદાર વલ્લભભાઈ પટેલના વારસાને સન્માનિત કરવા માટે ગુજરાત સરકાર વિવિધ વય જૂથોના નાગરિકોને એકતા અને સૌહાર્દ તરફ વાળવાના ઉદ્દેશ્ય સાથે રાજયભરમાં રન ફોર યુનિટીનું આયોજન કરવામા આવે છે.

આ કાર્યક્રમ અંતર્ગત પ્રાંત કચેરી ખંભાળિયા ખાતેથી રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંત અધિકારી કે.કે. કરમટા, મામલતદાર વિક્રમ વરૂ, તાલુકા વિકાસ અધિકારી કે.વી. શેરઠિયા, ગ્રીન ખંભાળિયાના પ્રતિનિધિ પરબતભાઈ ગઢવી તેમજ વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિ જોડાયા હતા. રન ફોર યુનિટીમાં પોલીસના જવાનો, હોમગાર્ડ, શિક્ષકો, સફાઈ કર્મીઓ, વિવિધ વિભાગના કર્મચારીઓ, તેમજ શહેરીજનો જોડાયા હતા.

# રાજકોટ રેલવે ડિવિઝનમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉત્સાહભેર ઉજવણી






(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૩૦

રાજકોટ રેલવે ડિવિઝનમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. લોકો સુધી 'રાષ્ટ્રીય એકતા'નો સંદેશો પહોંચાડવા માટે રેલવે કર્મચારીઓ દ્વારા 'રન ફોર યુનિટી' રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી અશ્વિની કુમારની આગેવાની હેઠળ આ રેલીમાં મોટી સંખ્યામાં અધિકારીઓ, કર્મચારીઓ, સ્કાઉટ અને ગાઈડ, ખેલાડીઓ અને રેલ્વે પ્રોટેક્શન ફોર્સના જવાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. રાજકોટમાં ડીઆરએમ ઓફિસથી શરૂ થયેલી આ રેલી રેલ્વે ક્રિકેટ ગ્રાઉન્ડ, કોઠી કમ્પાઉન્ડ રેલ્વે કોલોની, રેલ્વે હોસ્પિટલ થઈને પરત ડીઆરએમ ઓફિસ ખાતે સમાપ્ત થઈ હતી. આ પ્રસંગે ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વિની કુમારે લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની દૂરંદેશી અને તેમના દ્વારા કરવામાં આવેલ કાર્ય દ્વારા દેશની એકતા અને અખંડિતતાને અકબંધ રાખવામાં તેમના મહાન યોગદાનને પણ યાદ કર્યું હતું. આ પ્રસંગે વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી સિદ્ધાર્થ, સીનિયર ડીસીએમ સુનિલકુમાર મીના, વિવિધ વિભાગોના રેલવે અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આજે ૩૦મી ઓક્ટોબર વિશ્વ કરકસર દિવસ

વિશ્વ કરકસર દિવસની સ્થાપના વિશ્વભરના લોકોને તેમના પૈસાને તેમના ગાદલા હેઠળ અથવા ઘરે રાખવાને બદલે બેંકમાં બચાવવાના વિચાર વિશે જણાવવા માટે કરવામાં આવી હતી. ૧૯૮૪માં આ જ દિવસે સ્વર્ગસ્થ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીનાઅવસાનને કારણે ભારતમાં આ દિવસ ૩૦મી ઓક્ટોબરે ઉજવવામાં આવે છે. વિશ્વ બચત દિવસની શરૂઆત ૩૦ ઓક્ટોબર, ૧૯૨૪ના રોજ મિલાનમાં પ્રથમ ઈન્ટરનેશનલ થ્રીફ્ટ કોંગ્રેસના અંતે થઈ હતી. આ દિવસને સત્તાવાર રીતે ઈટાલિયન પ્રોફેસર ફિલિપો રવીઝા દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો, જેમણે તેને આંતરરાષ્ટ્રીય બચત દિવસ તરીકે ઓળખાવ્યો હતો.

પૈસા કેવી રીતે ઝડપથી બચાવવા: તમારી બચત વધારવા માટે

- બજેટ કરવાનું શીખો અને તમારી નાણાકીય બાબતોને સમજો.
- દેવામાંથી બહાર નીકળો.
- એક નિયુક્ત બચત ખાતું બનાવો.
- તમારી બચતને સ્વચાલિત કરો.
- તમારા બિલને સ્વચાલિત કરો.
- તમારા કાર્ડ પર ખર્ચ મર્યાદા મૂકો.
- એન્વલપ બજેટિંગ સિસ્ટમનો ઉપયોગ કરો.
- ભાડા પર કાપ મૂકવો
- તમારા ખર્ચને નિયંત્રિત કરીને પ્રારંભ કરો.
- બજેટ બનાવો.
- સમજદારીપૂર્વક ખર્ચ કરો.
- માત્ર જરૂરી અને જરૂરી વસ્તુઓ જ ખરીદો. 'જરૂર' અને 'લોભ' વચ્ચે તફાવત કરો.
- આત્મનિર્ભર બનો.
- તમારા વીજળી, પાણી અને અન્ય બિલમાં ઘટાડો કરો.
- બચત માટે તમારા લક્ષ્યો નક્કી કરો.
- રોકાણ કરો.

૩૦ દિવસના બચત નિયમ સાથે, તમે બધી બિન-આવશ્યક ખરીદીઓ અને આવેગ ખરીદીને ૩૦ દિવસ માટે સ્થગિત કરો છો. તમને જરૂર ન હોય તેવી કોઈ વસ્તુ પર તમારા પૈસા ખર્ચવાને બદલે, તમારે તેના વિશે વિચારવામાં ૩૦ દિવસનો સમય લાગશે. આ ૩૦ દિવસના સમયગાળાના અંતે, જો તમે હજી પણ તે ખરીદી કરવા માંગતા હો, તો તેના માટે નિઃસંકોચ જાઓ.

- યાદ રાખવા માટે મહત્વપૂર્ણ મુદ્દાઓ : બચત એ બીમારી, બેરોજગારી અને અન્ય આર્થિક મુશ્કેલીઓ જેવા જોખમો સામે રક્ષણ છે. તમારી નાની બચત દેશના વિકાસમાં ફાળો આપે છે. પદ્ધતિસરની બચત અને રોકાણ સારું વળતર આપે છે. બચત બગાડ અટકાવીને પર્યાવરણને જાળવવામાં મદદ કરે છે.

ભારતમાં ગમે ત્યાં પોસ્ટ ઓફિસ અથવા કોઈપણ બેંકમાં તમારું બચત ખાતું ખોલો.વિશ્વ કરકસર દિવસ ૩૦ ઓક્ટોબર ૨૦૨૨, રવિવારના રોજ ઉજવવામાં આવશે. કરકસર અને બચતની આદતને પ્રોત્સાહન આપવા માટે આ અવસર વિશ્વના વિવિધ ભાગોમાં ઉજવવામાં આવે છે. સ્પેન, યુનાઈટેડ સ્ટેટ્સ અને જર્મની જેવા દેશો ખૂબ જ ઉત્સાહ સાથે વિશ્વ કરકસર દિવસની ઉજવણી કરે છે.વિશ્વ કરકસર દિવસ એ લોકો માટે એકસાથે ભેગા થવા અને પુનઃઉપયોગ અને બચતના વિચારને પ્રોત્સાહન આપવાનો એક ઉત્તમ પ્રસંગ છે. આ દિવસે, લોકો વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લે છે, જેમ કે કરકસર કરવી, વસ્તુઓનો પુનઃઉપયોગ કરવો અને તેમની બચત સુરક્ષિત રીતે બેંકમાં મૂકવી.

- ડો.જી.આર.ગોહિલ



હવે બે પગ વાળા પશુ ઘાસચારો ખાવાનો નવો વિક્રમ નોંધવે તો નવાઈ નહીં !



આ મોંઘવારીના કારણે ધનતેરસ પણ કાળીચૌદશ જેવી લાગી !

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# રેલવે બાદ વિમાનો પર દહેશતનો ઓછાયો

આ સમયે ભારતીય વિમાન ક્ષેત્રને ડરના આતંકનો સામનો કરવો પડે છે. વિમાનોને બોમ્બથી ઉડાવવાની ખોટી ધમકીઓ અપાઈ રહી છે. ૧૪ ઓક્ટોબરથી અત્યાર સુધી ૯૦ વિમાનોને બનાવટી ધમકી અપાઈ ચૂકી છે. દરેક ધમકીથી એરલાઈન્સને ત્રણ કરોડ રૂપિયાનું નુક્સાન ઉઠાવવું પડે છે. ભારતીય વિમાન ક્ષેત્ર ઝડપથી વધતું ક્ષેત્ર છે, હજારો યાત્રી વિમાન પરિચાલનમાં છે. ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું ઘરેલુ વિમાન બજાર છે. હવે આ ધમકી રોજ આપવામાં આવે છે, તેમાં વિમાનોની સંખ્યા વધી રહી છે તેથી આ કોઈ માથાફરેલનું જ કામ ન હોઈ શકે. આ એક ચોક્કસ પેટર્ન છે, જેના પર સુનિયોજિત રીતે કામ થઈ રહ્યું છે. એવા જ થોડા દિવસ પહેલાં રોજ કોઈને કોઈ ટ્રેન રૂટને બાધિત કરવામાં આવતો હતો. કેટલીય વખત એવું થયું કે ટ્રેન દુર્ઘટના થતાં થતાં બચી. ભારતીય રેલવે વિશાળ નેટવર્ક છે અને રોજના બે કરોડથી વધુ લોકો ટ્રેનમાં સફર કરે છે, તેથી રેલવે યાત્રીના મનમાં અસુરક્ષાનો ડર પેદા કરીને રેલવેને નુક્સાન પહોંચાડવાની કોશિશો થઈ રહી છે.

પહેલાં રેલવે યાત્રીઓમાં ડર, હવે વિમાન યાત્રીઓમાં ડર. આ ડર એક આતંકવાદ છે, જેનો હેતુ ભારતીય અર્થવ્યવસ્થાને નુક્સાન પહોંચાડવાનો છે. રેલવે અને વિમાન ક્ષેત્રને અસુરિક્ષત કરી દેવાથી એના પર ભારે આર્થિક પ્રભાવ પડશે.ભ્રરતીય સુરક્ષા એજન્સીઓ અને ગુપ્તચર એજન્સીઓને આ ફિયર ટેરરને ગંભીરતાથી લેવો જોઈએ. આ આતંકનું નવું મોડ્યુલ હોઈ શકે છે. વિમાનોને ધમકી પર ગૃહ મંત્રાલયે રિપોર્ટ માગ્યો છે, સરકાર સપ્લાઈની તૈયારી કરી રહી છે, પરંતુ વાસ્તવિકતામાં વિમાનોને બોમ્બથી ઉડાવવાની ખોટી ધમકીઓ કેન્દ્ર સરકાર માટે મોટો પડકાર બનતી જાય છે. તાત્કાલિક એક્શનથી કંઈ ખાસ પ્રાપ્ત નહીં થાય. સરકારે તેના મૂળ સુધી જવું પડશે. શું આ દેશની અંદર કોઈ પ્રતિબંધિત ગ્રુપની સુનિયોજિત ચાલ તો નથી ને? શું તેમાં દુશ્મન પડોશી દેશોની ગુપ્તચર એજન્સીઓનો હાથ તો નથી ને?

દેશની અંદર પણ કેટલાય વિધ્વંસક, અલગતાવાદી, આતંકી, નક્સલવાદી, ઉગ્રવાદી તાકાતો છે, જે દુશ્મન દેશોની કઠપૂતળીઓ છે અને થોડા ટુકડા માટે પોતાના દેશને અસ્થિર કરવા તૈયાર થઈ જાયછે. સરકારે દરેક એંગલથી તપાસ કરવી જોઈએ. ભારતીય રેલવે અને વિમાન ક્ષેત્ર દુશ્મનોના નિશાના પર છે. વિમાન અને રેલ યાત્રાનું સુરિક્ષત હોવું જરૂરી છે. તે ભારતની લાઈફ લાઈન છે.વ્ડાપ્રધાને હાલમાં જ પાંચ રાજ્યોના સાત એરપોર્ટ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કર્યું. સરકાર મેટ્રો શહેરોની સાથે ટિયર ટુ અને થ્રી શ્રેણીના શહેરોમાં પણ વિમાન સેવાનો વિસ્તાર કરી રહી છે. પરિવહનના વિભિન્ન ક્ષેત્રને ઉત્તેજન આપીને કનેક્ટિવિટીને તેજ અને મજબૂત બનાવવામાં આવે છે. તેના માટે સુરક્ષાનો માહોલ બહુ જરૂરી છે. વિમાનમાં બોમ્બ હોવાની ખોટી ધમકીઓને હળવાશથી ન લેવી જોઈએ, તેની પેટર્ન સમજવી જોઈએ અને તેની પાછળના આતંકી મોડ્યુલનો પર્દાફાશ કરવો જોઈએ. સરકાર પાસે તમામ પ્રકારનાં સુરક્ષા અને તપાસ તંત્ર છે. ઈઝરાયલ સાથે બહેતર સંબંધને કારણે પણ ભારત ઈઝરાયલ વિરોધી આતંકી જૂથોના નિશાના પર રહે છે. જે માત્રામાં ધમકીઓ મળી રહી છે, આપાત લેન્ડિંગ થઈ રહ્યાં છે, તેમાં મુસાફરો અને વિમાન કર્મીઓમાં અસુરક્ષાનો ભાવ પેદા થવો સ્વાભાવિક છે, કારણ કે આવી ધમકી આપનારા પકડાયા નથી, જેનાથી તેની પાછળનો હેતુ ખબર પડે. રેલવે અને વિમાન યાત્રાને સુરિક્ષત બનાવવી સરકારની પહેલી જવાબદારી છે.

## ખંભાળિયામાં દિવાળી નિમિત્તે જીવન જરૂરી ચીજ વસ્તુઓનું વિતરણ કરાયું



## જલારામ અન્નપૂર્ણા ગૃહની વધુ એક સેવા

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

ખંભાળિયાની જાણીતી રઘુવંશી સેવા સંસ્થા શ્રી જલારામ અન્નપૂર્ણા ગૃહ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૧૦૦ જેટલા જરૂરિયાતમંદ પરિવારોને વિવિધ ખાદ્ય સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા ખુબ જ નજીવી આવકવાળા રઘુવંશી પરિવારોને ખાસ પરમીટ આપવામાં આવી છે. કીટ વિતરણની આ પ્રવૃત્તિ સતત ૪૨ માં વર્ષે પણ અવિરત કાર્યરત છે. વર્ષ ૧૯૮૨ થી ચાલી આવતી આ સેવામાં પીઢ દાતા મુળજીભાઈ પાબારી એક આધારસ્તંભ સમાન રહ્યા છે. છેલ્લા ઘણા સમયથી તેમના દ્વારા આ કીટ વિતરણનો સમગ્ર ખર્ચ આપવામાં આવે છે. આ દિવાળી પર્વ નિમિત્તે તેમના તરફથી પરિવાર દીઠ રૂા.૫૦૦ ની રાશનની કીટ આપવામાં આવી હતી તેમજ બીજા દાતા સ્વ. મંજુલાબેન ગોકલદાસ બરછા (હ. કિશનભાઈ ગોકલદાસ બરછા) દ્વારા પણ મીઠાઈનું વિતરણ કરાવી, પુણ્યનું ભાથું બાંધવામાં આવ્યું હતું. કીટ વિતરણની આ વ્યવસ્થા ટ્રસ્ટી મહેન્દ્રભાઈ કાનાણી તેમજ નિશિલભાઈ કાનાણીએ સુવ્યવસ્થિત રીતે સંભાળી હતી. આ સાથે તમામ દાતાઓનો પણ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આયુર્વેદ અને અન્ય ચિકિત્સા પદ્ધતિથી ભારત સતત આગળ વધે તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ

# સ્વસ્થ ભારતની અને વૈશ્વિક સ્વાસ્થ્યની સ્વસ્થતાના સુખાયુ અને દિર્ઘાયુ-નિર્માણ માટે તન-મનને સ્વસ્થ અને સંતુલિત રાખતા આયુર્વેદને આપણી જીવનશૈલીનું પ્રમાણ બનાવીએ



(પંકજ ઝીબા દ્વારા)

## પરંપરાગત ઔષધિઓનાં મહત્વને મળી સાર્વત્રિક સ્વીકૃતિ, ગત વર્ષે ૧૦૦ થી વધુ દેશોએ કરી હતી "આયુર્વેદ દિવસ"ની ઉજવણી

રાજકોટ તા.૩૦

દિવાળીના તહેવારની શરૂઆત એટલે "ધનતેરસ". જેને "ધન્વંતરી જયંતિ" તરીકે પણ ઉજવવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિમાં ભગવાન ધન્વંતરીને વેદ અને પુરાણોમાં "દેવતાઓના વૈદ્ય" કહેવામાં આવે છે, સાથે જ તેમને "આયુર્વેદ"ના પિતા પણ માનવામાં આવે છે. દવાની સૌથી જૂની પદ્ધતિ એટલે "આયુર્વેદ". જે લોકોને આરોગ્ય અને સુખાકારી બક્ષી સક્ષમ બનાવે છે. તેથી જ ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા અતિ પ્રાચીન એવી આયુર્વેદિક સારવારને પ્રોત્સાહન આપવા માટે આયુર્વેદના ભગવાનની જન્મજયંતિના રોજ દર વર્ષે "રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. વાત, કફ, પિત્ત એમ ત્રણ દોષો પર આધારિત આ પદ્ધતિમાં, રસાયણો (દવાઓ) અને વિવિધ ઉપચારની સાથે, આહાર, યોગ અને જીવનશૈલીનો પણ ઉપચાર પ્રક્રિયામાં સમાવેશ થાય છે. આયુર્વેદિક તબીબોના મતે, આયુર્વેદમાં શરીરને મજબૂત બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે, જેથી પહેલા તો વ્યક્તિ બીમાર ન પડે અને જો તે બીમાર પડે તો પણ તેના શરીરને વધારે તકલીફ પડતી નથી અને તે જલ્દી સ્વસ્થ થઈ જાય છે. આયુર્વેદમાં દવા તરીકે વપરાતું રસાયણ ઔષધિઓના મિશ્રણમાંથી તૈયાર કરવામાં આવે છે જે સંપૂર્ણપણે કુદરતી છે. તે જ સમયે, પંચકર્મ જેવી અનેક પ્રકારની ઉપચાર પદ્ધતિઓ પણ આ ઉપચારમાં સામેલ છે, જેમાં સંપૂર્ણપણે કુદરતી વનસ્પતિઓમાંથી બનેલા તેલ, પેસ્ટ અને દવાઓનો ઉપયોગ કરવામાં આવે છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં, ખાસ કરીને કોરોનાના સમયગાળામાં, દેશની યુવા પેઢીમાં જ નહીં, પરંતુ વિદેશમાં પણ આયુર્વેદ વિશે જાગૃતતા આવી છે. કોરોનાના કપરા કાળમાં આયુર્વેદીક દવાઓ શરીરને મૂળભૂત રીતે સ્વસ્થ બનાવવામાં અને ચેપને રોકવા માટે તેની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં ખૂબ જ ઉપયોગી નીવડી હતી. આ સમયગાળા દરમિયાન આયુર્વેદિક જડીબુટ્ટીઓ અને દવાઓનો ઉપયોગ આપણા દેશની સાથે સાથે વિદેશમાં વધ્યો હતો. જેના પરિણામે હાલ મોટી સંખ્યામાં લોકો આયુર્વેદિક દવા અને તેના નિયમોને પોતાના જીવનમાં વણી લીધા છે. આયુર્વેદ એક એવી તબીબી પદ્ધતિ છે, જે લાંબુ, સ્વસ્થ અને સુખી જીવન જીવવાની સાચી રીત શીખવે છે. આ ચિકિત્સા પદ્ધતિમાં માત્ર રોગની સારવાર જ નથી થતી, પરંતુ શરીરને કુદરતી રીતે સ્વસ્થ અને રોગપ્રતિકારક શકિતને મજબૂત કરવાના પ્રયાસો પણ કરવામાં આવે છે.

આયુર્વેદ અને તેની વિવિધ ચિકિત્સા પધ્ધતિઓ અને તેના ફાયદા, સિદ્ધાંતો અને ઉદ્દેશ્ય વિશે માત્ર દેશમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં દરેક વ્યકિતને માહિતગાર કરવા અર્થે વર્ષ ૨૦૧૬ થી શરૂ કરીને આ દિવસ ઉજવવામાં આવે છે. છેવાડાના માનવી સુધી આયુષની સેવાઓ પહોંચી શકે અને તે થકી પ્રજાજનોને સુખાયુ અને દિર્ઘાયુ પ્રાપ્ત થાય તે હેતુથી "વૈશ્વિક સ્વાસ્થ્ય માટે આર્યુવેદ નવીનતા" ની થીમ સાથે આ વર્ષે "નવમો રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ" ઉજવાશે.

આયુષ ક્ષેત્રને પ્રોત્સાહન આપવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોનાં પરિણામે, પરંપરાગત ભારતીય ચિકિત્સા પદ્ધતિઓના ફાયદાઓ વિશે જાગૃતિમાં વધારો થયો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસો થકી ભારતીય આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિ આજે ગ્લોબલ બની છે. વડાપ્રધાનશ્રીની દુરંદેશીતાથી આજે ઉૐ-હૂદ્વારા આયુર્વેદને વૈશ્વિક સ્તરે પ્રાચીન માન્ય ચિકિત્સા પદ્ધતિનું બિરુદ આપવામાં આવ્યું છે. આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિને પ્રોત્સાહન આપવા માટે આયુષ મંત્રાલય દ્વારા લોકજાગૃતિ અર્થે અનેકવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. દેશમાં પરંપરાગત ઔષધિઓ પર સૌપ્રથમ વૈશ્વિક શિખર સંમેલનનું આયોજન વિશ્વ આરોગ્ય સંસ્થા અને આયુષ મંત્રાલય દ્વારા ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. ગત વર્ષે ૧૦૦ થી વધુ દેશોએ આયુર્વેદ દિવસની ઉજવણી કરી હતી. જે સૂચવે છે કે, પરંપરાગત દવાઓની પહોંચ વિશ્વભરમાં વધી રહી છે. પરંપરાગત ઔષધિઓનાં મહત્વને સાર્વત્રિક સ્વીકૃતિ મળી રહી છે.

સુરેન્દ્રનગર જિલ્લાની વાત કરીએ તો, "આયુષ" વિભાગ હેઠળ જિલ્લાની આયુર્વેદ શાખા દ્વારા રોગોના આયુર્વેદિક ઉપચાર અને આયુર્વેદ પ્રત્યે જનજાગૃતિ અર્થે વિવિધ સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે. જિલ્લામાં ૨૨ આર્યુર્વેદ, ૦૫ હોમિયોપેથીક દવાખાના તેમજ ૦૨ સરકારી આયુર્વેદ હોસ્પિટલો કાર્યરત છે. જેના દ્વારા વર્ષ ૨૦૨૩ – ૨૪ માં ૮૨,૨૨૯ જેટલા દર્દીઓએ આયુર્વેદ ચિકિત્સા અને ૧૮,૧૭૫ દર્દીઓએ હોમીયોપેથીક સારવારનો લાભ મેળવ્યો હતો. આ ઉપરાંત ૩૩,૯૯૨ દર્દીઓને શાળા આરોગ્ય, ૪૯,૨૬૬ દર્દીઓ સ્વસ્થવૃત, ૨૧,૭૩૦ દર્દીઓએ જરાવ્યાધિ ચિકિત્સા હેઠળ લાભ મેળવ્યો હતો. સુવર્ણપ્રાશન હેઠળ ૬૩ કેમ્પનું આયોજન કરી ૧૬૫૦ બાળકોને સારવાર આપવામાં આવી હતી. તેમજ ૧૩૨ આયુર્વેદ નિદાન કેમ્પમાં ૯૭૧૩ દર્દીઓના અને ૨૮ હોમીયોથીક નિદાન કેમ્પમાં ૧૭,૫૩૦ દર્દીઓના રોગોનું નિદાન કરવામાં આવ્યું હતું. વર્ષ દરમિયાન પ્રકૃતિ પરિક્ષણ કેમ્પ યોજવામાં આવ્યા હતા, જેમાં ૧૦,૧૭૨ લાભાર્થીઓ લાભિન્વત થયા હતા. યોગ દિવસની ઉજવણી ઉપરાંત દરેક આયુષ્યમાન આરોગ્ય મંદીર ખાતે નિયમિત આયોજીત યોગ કેમ્પનો ૬૧,૫૦૯ લાભાર્થીઓએ લાભ મેળવ્યો હતો.

અત્રે નોંધનીય છે કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર શ્રેષ્ઠ સ્વાસ્થ્ય સુવિધાઓ દ્વારા પ્રજાની સુખાકારી માટે કટિબદ્ધ છે, ત્યારે ગુજરાતમાં જામનગર જિલ્લામાં પ્રતિષ્ઠિત આયુર્વેદ યુનિવર્સિટી કાર્યરત છે, જ્યાં પ્રાચીન ચિકિત્સા પદ્ધતિ પ્રમાણેના ઉપચાર, સારવાર અને સંશોધનો થાય છે. એલોપથીના ઝડપી નિદાનને લીધે તેનો વ્યાપ મોટો છે. પરંતુ, આયુર્વેદ સચોટ નિદાન કરે છે. આયુર્વેદ અને અન્ય ચિકિત્સા પદ્ધતિથી ભારત આગળ વધે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે.

આમ, આયુર્વેદ માત્ર એક ચિકિત્સા પદ્ધતિ જ નહીં, પરંતુ સંપૂર્ણ સ્વાસ્થ્ય સુખાકારી પ્રદાન કરતું વિશ્વનું પ્રાચીનતમ આરોગ્ય શાસ્ત્ર છે. તો આવો, સ્વસ્થ ભારતના નિર્માણ માટેર તન-મનને સ્વસ્થ અને સંતુલિત રાખતા આયુર્વેદને આપણી જીવનશૈલીનો ભાગ બનાવીએ.

**સંકલનઃ- ભાવિકા લીંબાસીયા**

# ખંભાળિયામાં સફાઈ કામદારો દ્વારા હડતાળની પરિસ્થિતિ વચ્ચે મધ્યસ્થી : સફાઈ કાર્ય હાથ ધરાયું





## દીપોત્સવી નિમિત્તે મર્યાદિત સંખ્યામાં સફાઈ કામદારો કામમાં લાગી ગયા


(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

ખંભાળિયા નગરપાલિકામાં ફરજ બજાવતા સફાઈ કામદારો દ્વારા તેઓની પડતર માંગણીઓને અનુલક્ષીને તારીખ ૨૧મીથી હડતાલ આંદોલન હાથ ધરવામાં આવ્યું છે. જેને અનુલક્ષીને શહેરમાં ઉભરાતી ગટરો તેમજ ઠેર ઠેર કચરાના ગંજ વચ્ચે નર્કાગાર જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. આ વચ્ચે તાજેતરમાં પાલિકાના હોદ્દેદારો, અગ્રણીઓ, ભાજપના નેતાઓ વિગેરે સાથેની બેઠક અને ચર્ચાઓ નિષ્ફળ નિવડી હતી. આ પછી ગતરાત્રે નગરપાલિકાના પ્રાદેશિક નિયામક જાની દ્વારા યોગ્ય માર્ગદર્શન વચ્ચે અહીંના સ્થાનિક અગ્રણીઓ દ્વારા સફાઈ કામદારોના નેતા રમેશભાઈ વાઘેલા સાથે કરેલી મહત્વની ચર્ચાઓના અંતે હાલ દિવાળીના તહેવાર હોય અને શહેર ગંદકીમાં ફેરવાઈ ગયું હોય, હિન્દુઓનો આ મુખ્ય તહેવાર બગડે તેવી પરિસ્થિતિ વચ્ચે હડતાલ મુલતવી રાખવાનો અનુરોધ કરવામાં આવતા જિલ્લા કલેક્ટર જી.ટી. પંડ્યા, અધિક કલેક્ટર જોટાણીયા, ડેપ્યુટી કલેક્ટર કે.કે. કરમટા, અગ્રણી હિતેન્દ્રભાઈ આચાર્ય, વિગેરે વચ્ચેની ચર્ચાઓ પછી હાલ હડતાલ આંદોલન ચાલુ રાખીને કેટલાક કર્મચારીઓ સફાઈ કાર્યમાં જોડાઈ જશે અને પ્રતિક હડતાલ વચ્ચે કર્મચારીઓ સફાઈ કાર્યમાં જોડાઈ જવા માટે સહમત થયા હતા. આ પછી પાલિકા સફાઈ કર્મી મંડળના રમેશભાઈ વાઘેલા દ્વારા ગતરાત્રે જ ૨૦ યુવાનોને કામે લગાડીને શહેરના મહત્વના એવા સ્ટેશન રોડ, નગર ગેઈટ, જોધપુર ગેઈટ વિગેરે વિસ્તારો કે જ્યાં ખુલી ગટરો ઉભરાતી હતી તેમજ અહીં વ્યાપક પ્રમાણમાં કચરા અને ડૂચાથી ગટરો જામ થઈ ગઈ હતી, તે ખોલાવી અને પાણીના નિકાલની વ્યવસ્થા કરાવી હતી. નગરપાલિકાના ચીફ ઓફિસર રાહુલ કરમુર તથા સફાઈ વિભાગના રાજપાલ ગઢવી વિગેરે દ્વારા ગતરાત્રિના જ ટ્રેક્ટર, ટેમ્પો વિગેરે જેવા વાહનો મુકાવીને કચરો ભરાવવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલુ કરાવવામાં આવી હતી. તહેવારોમાં પણ પ્રતિક ઉપવાસ ચાલુ રાખીને સફાઈ કામદારોએ સફાઈ કામગીરી હાથ ધરતા નગરજનોએ રાહતનો દમ લીધો છે.

આ વચ્ચે આજથી રાબેતા મુજબ કામદારો કામ પર ચડી ગયા છે અને શહેરમાં શેરી-ગલીઓ અને રોડ-રસ્તાઓની સફાઈ કરી અને કચરો એકત્ર કરવાની કામગીરી ચાલુ થઈ ગઈ છે. સફાઈ આંદોલનના કન્વીનર રમેશ વાઘેલાએ દિવાળીના તહેવારો તેમજ નૂતન વર્ષ સુધી રોજ સફાઈ કાર્ય ચાલુ રહેશે અને ત્યાર બાદ રાબેતા મુજબ તેઓ ફરીથી સામુહિક હડતાલમાં જોડાઈ જશે તેમ જણાવ્યું હતું. ખંભાળિયા નગરપાલિકાના સફાઈ કામદારોના પ્રયત્નો અંગે જિલ્લા કલેક્ટર જી.ટી. પંડ્યા દ્વારા તેઓની રજૂઆતો સાંભળીને પ્રાદેશિક નગરપાલિકા કમિશનર સાથે તથા નગરપાલિકાના હોદ્દેદારો, પદાધિકારીઓ સાથે દિવાળી પછી પ્રશ્નોના નિરાકરણ માટે પાલિકા તંત્ર, કમિશનર અને આંદોલનકારીઓ સાથે મળીને ચર્ચા કરી, યોગ્ય નિરાકરણ લાવે તે માટેના પ્રયાસોનું આયોજન થયું છે. સતત આઠ દિવસ હડતાલ પછી સફાઈ કાર્ય શરૂ થતા લોકોને હાલ કામ ચલાઉ રાહત થઈ છે.

# ખંભાળિયાની શ્રી યમુનાજીની હવેલીમાં રવિવારે અન્નકૂટ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

ખંભાળિયામાં શ્રીજી સોસાયટીમાં આવેલી જાણીતી શ્રી યમુનાજીની હવેલીમાં આગામી રવિવાર તારીખ ૩ નવેમ્બરના રોજ શ્રી યમુનાજીના અન્નકૂટ (કુનવાડો) ના દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. ભાઈબીજ નિમિત્તે યોજવામાં આવેલા આ દર્શનનો લાભ સાંજે ૫ થી ૯ વાગ્યા સુધી લેવા હવેલીના મુખિયાજી ગોપાલભાઈ દ્વારા ધર્મપ્રેમી વૈષ્ણવોને અપીલ કરવામાં આવી છે.

# દિવાળીના તહેવારો દરમિયાન એસ.ટી વિભાગ દ્વારા વધુ ૨ ૨૦૦ બસો દોડાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા.૩૦

દિવાળીના તહેવારોમાં સૌ કોઈ પોતાના પરિવારજનો સાથે ઉજવણી કરતા હોય છે ત્યારે એસ.ટી નિગમના ડ્રાઈવર-કંડકટર પોતાના પરિવાર સાથે તહેવારો ઉજવવાની ઈચ્છાનો ત્યાગ કરીને આપણી સેવામાં ફરજરત છે. આપણે સૌ આરામદાયક સવારી સાથે આપણા સગા-સ્નેહીઓ પાસે જઈને તહેવારની મજા માણી શકીએ તે માટે ખુબ જ નિષ્ઠા સાથે ડ્રાઈવર-કંડકટર ઓવરટાઈમ કરીને પણ પોતાની ફરજ અદા કરી રહ્યા છે.

વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ આ તમામ ડ્રાઈવર-કંડક્ટર તેમજ આ બસો કોઈ પણ તકલીફ વિના ચાલે તે માટે સતત ચિંતા કરતા મિકેનિક સહિતના એસ.ટી નિગમના કર્મચારીઓને તેમની આ સેવા માટે અભિનંદન પાઠવ્યા છે.દિવાળીના તહેવારોમાં કોઈને મુસાફરીમાં અગવડ ન પડે તેની ખાસ કાળજી રાખીને એસ.ટી વિભાગ દ્વારા તા.૨૨મી ઓક્ટોબર થી તા.૨જી નવેમ્બર સુધી ૨૨૦૦ વધુ બસો દોડાવી વધારાની ૮ હજાર ટ્રીપનું સંચાલન કરવામાં આવી રહ્યુ છે. તેવી જ રીતે લાભ પાંચમથી અગીયારસ દરમિયાન વધારાની ટ્રીપનું સંચાલન કરવામાં આવશે.

પોતાના પરિવાર સાથે દિવાળીના તહેવારો મનાવવાની ઈચ્છાનો ત્યાગ કરીને આપણા સૌને સમયસર મુકામે પહોંચાડવા એસ.ટી નિગમના ૧૧ હજાર જેટલા ડ્રાઈવર, કંડક્ટર અને મિકેનિક સહિતના કર્મચારીઓ ફરજ પર તૈનાત છે. નોંધનીય બાબત એ છે કે, આ કર્મચારીઓમાં ૧૫૦ થી વધુ મહિલા કંડક્ટરનો પણ સમાવેશ થાય છે.

તહેવારો દરમિયાન રાજયના નાગરિકોને ઘર આંગણે જ બસ સેવા ઉપલબ્ધ થાય તે માટે 'એસ.ટી આપને દ્વારે' પ્રોજેકટ અમલમાં મુકવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ગ્રુપમાં વતન કે બહારગામ જવા ઈચ્છુક લોકો બસનું બુકિંગ કરી ઘર આંગણે સેવા મેળવી શકે છે. આ પ્રોજેકટનો તહેવારોમાં લોકો મહત્તમ લાભ લઈ રહ્યા છે. આ પ્રોજેક્ટ હેઠળ પાંચ જ દિવસમાં ૨૮૯ બસોના બુકિંગ થયું છે. જેમાં ૪ હજાર લોકોએ આ સેવાનો લાભ લઈ લીધો છે અને ૧૧ હજાર જેટલા લોકો દિવાળી અને નૂતન વર્ષના દિવસે ઘર આંગણે બસ સુવિધાનો લાભ લેશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

વાસના જ પુનર્જન્મનું કારણ છે.

- પ. પુ ડોંગરેજી મહારાજ

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ખોરદાદ-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, આસો વદ-૧૩ શિવરાત્રી, કાળીચૌદશ તા.૩૦ ઓક્ટોબર ૨૦૨૪, બુધવાર, પારસી તા.૧૭, મુસ્લિમ તા.૨૬, હસ્ત નક્ષત્ર, વૈધૃતિ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬ઃ૫૬, સૂ.અ.૬ઃ૧૩

આજનો દિવસ સવારે ૮ઃ૫૦ ક.થી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષઃ મનમાં વ્યર્થ ચિંતા રહે. જીવનસાથી સાથે વાણીઘર્ષણ થાય.
વૃષભઃવ્યર્થ વાદ-વિવાદ ટાળવો. નાણાંનું રોકાણ ન કરવું.
મિથુનઃમહત્વના કાર્યમાં રૂકાવટ આવે. પડવા-વાગવાથી સંભાળવું.
કર્કઃ કાર્યબોજ વિશેષ રહે. રોકાયેલા નાણાં છૂટા થાય.
સિંહઃ મનમાં અશાંતિ રહે. આર્થિક વ્યવહારોમાં સંભાળવું.
કન્યાઃ અપેક્ષાઓ ફળતી લાગે. પ્રિયજનથી લાભ થાય.
તુલાઃ માનસિક શાંતિ અનુભવાય. મહત્વના નિર્ણયો લઈ શકાય.
વૃશ્ચિકઃકોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વિક્ષેપ પડે. મનની મુરાદ બર ન આવે.
ધનઃ શારીરિક કષ્ટ અનુભવાય. મહત્વના નિર્ણયો લઈ શકાય.
મકરઃ પારિવારીક જીવનમાં આનંદ રહે. વ્યવસાયિક કાર્યોમાં સફળતા મળે.
કુંભઃ નવા આર્થિક આયોજનો પાર પાડી શકશો. લાભની તક સાંપડે.
મીનઃ સંતાનો અંગે ચિંતા રહે. વ્યર્થ ખર્ચ થાય.

# છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં ફેક્ટરી દુર્ઘટનામાં ૯૯૨ શ્રમિકોનાં મોત : કોંગ્રેસ

## પર્યાવરણના નિયમ ભંગ કરતી ફેક્ટરીઓ અને ઉદ્યોગો સામે તાત્કાલિક પગલાં લેવા માંગ

અમદાવાદ,તા.૩૦

ગુજરાતમાં ફેકટરી દુર્ઘટનામાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન ૯૯૨ શ્રમિકોનાં મોત થયા હોવાનું કોંગ્રેસ દ્વારા જણાવવામાં આવ્યું છે. ૨૭મી ઓક્ટોબરે અમદાવાદના નારોલમાં એક ફેકટરીમાં ગેસ ગળતરથી ૨ લોકોના મોત થયા હતા.જ્યારે ૪ની સ્થિતિ ગંભીર હોવાથી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ત્યારે ગુજરાત કોંગ્રેસે સરકારી વિભાગની બેદરકારી અને ભ્રષ્ટાચારના કારણે લોકોએ જીવ ગુમાવ્યા હોવાનો આરોપ લગાવ્યો છે. કોંગ્રેસે રાજ્યમાં ફેકટરી અકસ્માતથી છેલ્લા પાંચ વર્ષમાં ૯૯૨ શ્રમિકોના મૃત્યુ હોવાનો આંકડો રજૂ કર્યો છે. જેમાં સૌથી વધુ મૃત્યુ સુરતમાં થયા છે અને ૧૫૫ શ્રમિકોએ જીવ ગુમાવ્યાં છે. જ્યારે અમદાવાદ શહેરમાં ફેક્ટરી અકસ્માતથી ૧૨૬ અનેવલસાડમાં૯૨ શ્રમિકોએ જીવ ગુમાવ્યાં છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ જણાવ્યુ હતું કે, ગુજરાત રાજ્યના સરકારી વિભાગની બેદરકારી, ભ્રષ્ટાચારના પાપે નિર્દોષ શ્રમિકો જીવ ગુમાવી રહ્યા છે. ગુજરાત રાજ્યના શ્રમ વિભાગના ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી અને હેલ્થના આંકડા મુજબ ૫ વર્ષમાંફેક્ટરી દુર્ઘટનામાં૯૯૨ શ્રમિકોએ જીવ ગુમાવ્યા છે. ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૧૮થી વર્ષ ૨૦૨૨માં સૌથી વધુ મૃત્યુ સુરતમાં થયા છે. સુરત જિલ્લામાં પાંચ વર્ષમાં ૧૫૫ શ્રમિકોના ફેક્ટરી દુર્ઘટનામાં મોત થયા છે. જ્યારે અમદાવાદ જિલ્લામાં પાંચ વર્ષ ૧૨૬ શ્રમિકોએ ફેકટરી અકસ્માતમાં જીવ ગુમાવ્યા છે અને વલસાડ જિલ્લામાં ૯૨ શ્રમિકો એ ફેકટરી અકસ્માતથી જીવ ગુમાવ્યા છે. તેઓએ વધુમાં જણાવ્યું કે, નારોલ ફેકટરીમાં ગેસ ગળતર બનેલી ઘટનામાં એક સગીર સહિત બે લોકોએ જીવ ગુમાવ્યા અને ૪ શ્રમિકોની ગંભીર પરિસ્થિતિ છે. થોડાક સમય પહેલા કચ્છ, વડોદરામાં ફેકટરી અકસ્માતના કિસ્સામાં નિર્દોષ શ્રમિકોએ જીવ ગુમાવ્યા છે. ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૨૧ સુધી હેઝાર્ડસ વેસ્ટ પ્રોડ્યુસ કરતી ૨૦,૪૩૩ ફેકટરી છે, ત્યારે ગુજરાત અને ગુજરાતની જનતાનો જીવ જોખમમાં મુકાઈ રહ્યો છે. રાજ્યનું પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને સરકારી કર્મીઓના રહેમ હેઠળ ખુલ્લેઆમ નિયમોનો ભંગ થઈ રહ્યો છે. ગુજરાત રાજ્યમાં પર્યાવરણના નિયમોનો ભંગ કરીને ગુજરાતની જનતાના જીવ જોખમમાં મુકાઈ રહ્યા છે. જોખમી પદાર્થ ઉત્પાદન કરતી ફેક્ટરીમાં તાત્કાલિક ચેકિંગ હાથ ધરવામાં આવે અને ગુજરાત રાજ્યમાં પર્યાવરણના નિયમ ભંગ કરતી ફેક્ટરીઓ અને ઉદ્યોગો સામે તાત્કાલિક પગલાં લેવામાં આવે તેવી કોંગ્રેસની માંગ છે.

# ખંભાળિયા નજીક માર્ગ અકસ્માત : ૧૦૮ સ્ટાફની પ્રામાણીકતા

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦





ખંભાળિયામાં - પોરબંદર માર્ગ ઉપર આવેલી કણઝાર હોટલ નજીક ગત રાત્રિના આશરે ૯:૩૦ વાગ્યે એક મોટરસાયકલ જતા મોટરકાર વચ્ચે અકસ્માત સર્જાતા આને અનુલક્ષીને ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. જેથી ૧૦૮ ની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. જેમાં બાઈક સવારનું ઘટનાસ્થળે જ મોત નિપજયું હતું. અકસ્માતમાં ઈજાગ્રસ્ત વ્યક્તિને તાત્કાલિક નજીકની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ઘટનાનો ભોગ બનનાર વ્યક્તિ સાથે રહેલી રોકડ રકમ રૂા.૧૫,૧૫૦ સાથે એક મોબાઈલ ફોન, ટુ-વ્હીલરની ચાવી જેવી વસ્તુ મળી આવી હતી. આ તમામ ચીજ વસ્તુઓ ૧૦૮ એમ્બ્યુલન્સના ઈમરજન્સી મેડીકલ ટેક્નિશીયન મહેશ મકવાણા અને એમ્બ્યુલન્સના પાઈલોટ કરશન ગોજીયા દ્વારા હોસ્પિટલમાં મૃતકના પરિવર્તનને સુપ્રત કરીને પ્રમાણિકતાનું ઉમદા ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

# ઊના પોલીસે કુલ રૂપિયા એક લાખ ૪૩ હજાર ૯૬૬ની કિંમતના મોબાઈલ ફોન શોધી મૂળ માલિકને પરત કરી તેરા તુજકો અર્પણની કામગીરી કરી



(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૩૦

ઊના શહેર અને તાલુકામાં છેલ્લા ઘણા સમયથી લોકોના કિંમતી મોબાઈલ ફોન ગુમ થવના, પડી જવાના અને ખોવાઈ જવાના લેખિત અરજી ઊના પોલીસ સ્ટેશનમાં આવી હતી. ઊનાના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ એન. રાણાએ ગંભીરતા સમજી પી.એસ.આઈ. પી.જી. જોશી, આર.પી. જાદવ, એએસઆઈ જગદીશભાઈ એલ. વાઘેલા અને સ્ટાફે વિવિધ પ્રકારના સોર્સ અને આધુનિક ટેકનોલોજીથી ટૂંકા સમયમાં રૂપિયા ૧ લાખ ૪૩ હજાર ૯૬૬ના કિંમતી એન્ડ્રોઈડ મોબાઈલ ફોન શોધી મૂળ માલિકને પોલીસ સ્ટેશન ઉપર બોલાવી ખરાઈ કરી પરત કરી તેરા તુજકો અર્પણની કામગીરી કરી હતી. લોકોએ પોલીસ પરિવારનો આભાર માનેલ હતો.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ ઈમરજન્સીને પહોંચી વળવા માટે સજ્જ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હાલ દિવાળીના તહેવારોને અનુલક્ષીને ૧૦૮ એમ્બ્યુલન્સ તહેવારનો ઉમંગ ત્રણ મુખ્ય દિવસો ઉપર કેન્દ્રિત છે. જેમાં દિવાળી, નુતન વર્ષ અને ભાઈ બીજના દિવસોમાં ઈમરજન્સીને પહોંચી વળવા માટે સુવ્યવસ્થિત આયોજનો થયા છે. અગાઉના વર્ષોના વલણોને આધારે આ તહેવાર દરમ્યાન આપતકાલીન બનાવોમાં વધારો થવાની શક્યતા છે. સમગ્ર રાજ્યમાં આ વર્ષે દિવાળી ઉપર ૪૬૧૮ (સામાન્ય દિવસોની સરખામણીએ ૨.૫૩ ટકા વધારે), નૂતનવર્ષના દિવસે ૫૨૩૧ (સામાન્ય દિવસોની સરખામણીએ ૧૬.૧૪ ટકા વધારે) અને ભાઈબીજ ઉપર ૫૦૯૩ (સામાન્ય દિવસોની સરખામણીએ ૧૩.૦૮ ટકા વધારે) વધુ અકસ્માતની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. જેમાં મુખ્યત્વે રોડ અકસ્માત, શારીરિક હુમલાઓ, પડી જવાના કેસો અને દાઝી જવાના જેવા કેસોનો સમાવેશ થાય છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાની પરિસ્થિતિમાં પણ સામાન્ય દિવસો કરતા ૧૨ ટકા જેટલા કેસોમાં વધારો




નોંધાય એવું અનુમાન કરવામાં આવે છે. જિલ્લામાં કુલ ૧૧ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમના ૬૦ જેટલા કર્મચારીઓ ઈમરજન્સી કોલ વોલ્યુમના આ સંભવિત વધારાની પરિસ્થિતિનો સામનો કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. જો કોઈ આપાતકાલીન પરિસ્થિતિ સર્જાય તો તુરંત ૧૦૮ નંબર પર સંપર્ક કરીને કોઈપણ નાગરિક ૨૪×૭ તાત્કાલિક મદદ મેળવી શકે છે.

# ગુજરાતના પહેલા લકી વિનર બેચરાજીના સૌરભસિંઘ નેગી ઓપ્પો A3X સ્માર્ટ ફોન ખરીદીને ૫ લાખ કેશ જીત્યા




(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૩૦

ઓપ્પોના સ્માર્ટફોન ખરીદવા ઉપર અનેક જબરજસ્ત ઓફર્સ ચાલી રહી છે. જેમાં ૧૦% ઈન્સ્ટન્ટ કેશબેક તો છે જ સાથે રૂપિયા ૧૦ લાખ, ૫ લાખ અને ૧૦ હજાર જીતવાનો મૌકો મળે છે. આ સાથે ઓપ્પો પેડ, ઈઅર બડ્સ, ફીન્ડ સિરીઝનો ફ્લિપ ફોન જેવી અન્ય પ્રોડક્ટ્સ જીતવાનો પણ મૌકો મળે છે. ગત શનિવારે બેચરાજીમાં સૌરભસિંઘ નેગીને ઓપ્પો A3X સ્માર્ટ ફોન ખરીદવા ઉપર ૫ લાખ જીતીને કેશ જીતનારા ગુજરાતના પહેલા લકી વિનર બન્યાં છે. વધુમાં ઓપ્પોના સ્માર્ટ ફોન ખરીદવા ઉપર દિવાળીના તહેવાર નિમિત્તે ધમાકેદાર ગિફ્ટ હેમ્પર પણ મળી રહ્યું છે. આ ઓફર ૭ નવેમ્બર સુધી છે. ઓપ્પો સ્માર્ટફોન તેની આધુનિક ડિઝાઈન અને બેસ્ટ ફીચર્સ માટે જાણીતી છે. ઓપ્પોના F સિરીઝ અને RENO 12 સિરીઝના ફોન લોકપ્રિયતાની નવી ઊંચાઈ હાંસલ કરી રહ્યા છે. તેની ૩૬૦ ડિગ્રી આર્મર બોડી તેને ડેમેજ પ્રૂફ બનાવે છે. AI જેવા ફીચર્સ સાથેના ફોન યુવાનોમાં ક્રેઝ ઉભો કરી રહ્યા છે.

# ધનતેરસ અને ગોમતી ચક્રની પૂજા શુભ ફળદાયી : દ્વારકામાં જ મળતાં ગોમતી ચક્રને શ્રી વિષ્ણુનું સ્વરૂપ મનાય છે

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૩૦

આવતીકાલે ધનતેરસ તેમજ રવિવારે દિપાવલી પર્વ આવતાં હોય ધનતેરસ તેમજ દિપાવલી પર્વમાં ધન પૂજા, લક્ષ્મીપૂજા, શારદા પૂજન, ચોપડા પૂજનનું મહત્ત્વ છે તેની સાથે સાથે ઘરમાં પૂજાની સાથે ગોમતી ચક્રની પૂજાનું પણ વિશેષ મહત્ત્વ છે. ગોમતી ચક્રને ભગવાન શ્રી વિષ્ણુનું સ્વરૂપ માનવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં માત્ર દ્વારકા સ્થિત ગોમતી નદીમાં જ આ અદ્ભુત ચક્ર ઉત્પન્ન થતું હોય તે ગોમતી ચક્રના નામે પ્રસિદ્ધ છે. ધન તેરસ અને દિપાવલીના દિવસે નવ, અગિયાર કે એકવીસ ગોમતી ચક્ર લઈને ગોમતી ચક્ર જેટલા જ અક્ષત (ચોખા જે તૂટેલાં ન હોય) તેની વિધિવત પૂજાવિધિ કરી તેને લાલ રંગના કપડામાં બાંધીને ઘરની તિજોરીમાં રાખવાથી ધનની વૃદ્ધિ થાય છે.

**ગોમતી ચક્ર પહેરવાથી હકારાત્મક વિચારો વધે છે**

ગોમતી ચક્ર પહેરવાથી હકારાત્મક વિચારોનું પ્રમાણ વધે છે અને નજર લાગવી વિગેરેનો પ્રભાવ પડતો નથી. ચંદ્ર મનનો કારક છે.જયાં ચંદ્ર નિર્બળ હોય ત્યાં નિર્ણયશકિત મંદ થાય, વિચારોના આંદોલનો આવ્યા કરે ત્યારે ગોમતી ચક્ર પહેરવાથી લાભ રહે છે.



# સમગ્ર ભારત વર્ષમાં વરસાદી પાણીના જળ સંચય પ્રકલ્પને ફળીભૂત કરતી જૂનાગઢ મહાનગરપાલિકા

## વરસાદી પાણીને સંગ્રહિત કરી ભૂગર્ભ જળનું સ્તર વધારનાર સમગ્ર ગુજરાતની એક માત્ર મહાનગરપાલિકા હોવાનું ગૌરવ જૂનાગઢને પ્રાપ્ત થયું : મહાનગર પાલિકાના કમિશનર/વહીવટદાર ડો. ઓમ પ્રકાશ તથા કાર્યપાલક ઈજનેર અલ્પેશ ચાવડાની જહેમતને મળી સફળતા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

રેઈન વોટર હાર્વેસ્ટિંગ એ વરસાદી પાણીને વહી જતું અટકાવી ભૂગર્ભ જળમાં વધારો કરી તેનો સંગ્રહ કરવા માટેની એક પદ્ધતિ છે. જૂનાગઢ શહેરના વરસાદના આંકડાઓ પ્રમાણે દર વર્ષે અંદાજિત ૫ કરોડ લીટર પાણી આ ૬૬૦ બોરવેલ મારફત રિચાર્જ થવાથી જૂનાગઢ શહેરના ભૂગર્ભ જળના સ્તર માં વધારો થયેલ છે. તેમજ આ યોજના અંતર્ગત હજુ બીજા રેઈન વોટર હાર્વેસ્ટિંગ યુનિટ લગાડવાની કામગીરી પ્રગતિમાં છે. જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા "જળ શક્તિ અભિયાન" અંતર્ગત "છત થી પમ્પ" સુધી અભિયાન માં ૬૬૦ જેટલા બોરને રેઈન વોટર હાર્વેસ્ટિંગ ની સુવિધામાં આવરી લીધા છે. જે બદલ ભારત સરકારના જળ શક્તિ મંત્રલાય હેઠળના જળ સંચય જન ભાગીદારી એવોર્ડની શ્રેણીમાં જૂનાગઢ મહાનગરપાલિકાએ દેશભરમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

## બરડા પંથકમાં સંભળાશે એશિયાઈ સિંહોની ડણક

# એશિયાઈ સિંહોનું બીજું નવું રહેઠાણ એટલે કે 'બરડા વન્યજીવ અભયારણ્ય'

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૩૦










ધનતેરસના પાવન દિવસે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના કપુરડી ચેક પોસ્ટ ખાતે ગુજરાતમાં પ્રવાસીઓ માટે એક નવીન નજરાણા સમાન 'એશિયાઈ સિંહોનું બીજું નવું રહેઠાણ' એટલે કે 'બરડા વન્યજીવ અભયારણ્ય' ખાતે બરડા જંગલ સફારી' ફેઝ-૧નો રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા તેમજ મહાનુભાવોના વરદ હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો. આ તકે પ્રાસંગિક ઉદબોધન કરતા વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અને પ્રેરણાથી જંગલ સફારી રૂપે આપણા બરડા વિસ્તારને દિવાળી ખૂબ જ મોટી ભેટ મળી છે. જંગલ સફારી તો માત્ર શરૂઆત છે રાજ્ય સરકાર દ્વારા આવનારા સમયમાં બરડા વિસ્તારમાં અનેકવિધ વિકાસના કામો થનારા છે. ૧૪૩ વર્ષ બાદ કુદરતી રીતે વિચરતા સિંહો બરડામાં પરત આવતા જતા બરડો એશીયાઈ સિંહોનું બીજું રહેઠાણ બન્યો છે જે આપણા સૌ માટે ગૌરવની ક્ષણ છે. વધુમાં મંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈ કાલે જ અમરેલી ખાતેથી સૌરાષ્ટ્રને અનેક વિકાસ પ્રકલ્પોની ભેટ હતી. દિવાળીનો પર્વ મંગલ કાર્યો કરવા માટે શુભ સમય છે ત્યારે બરડામાં જંગલ સફારી પ્રારંભ પણ તેનો ભાગ છે. જેમ પ્રવાસીઓ સાસણ ગીરમાં એશિયાઈ સિંહો નિહાળવા માટે આવે છે તેમ હવે મોટી સંખ્યામાં પ્રવાસીઓ બરડામાં પણ આવશે. સાસણ ગીર, પોરબંદર નજીક મોકર સાગર વેટલેન્ડ, પોરબંદર પક્ષી અભયારણ્ય, માધવપુરનો રમણીય બીચ, શિવરાજપુર બીચ, સોમનાથ તથા દ્વારકા મંદિર ખાતે મોટી સંખ્યામાં આવતા પ્રવાસીઓ હવે બરડામાં પણ આવશે. જેના પરિણામે બરડો પંથક પ્રવાસન ક્ષેત્રે અગ્રહરોળમાં સ્થાન મેળવશે. વધુમાં મંત્રીએ જણાવ્યું હતું કે, આજથી ઘણા સમય પૂર્વે બરડા ડુંગર વિસ્તારમાં બનાવેલા ચેક ડેમો વર્ષાઋતુમાં જળ સંચય પરિણામે વન્યજીવો માટે ખૂબ જ ઉપયોગી બન્યા છે. બરડો એ માત્ર વન્યજીવો નિવાસ નહિ પરંતુ અદ્વિતિય ઔષધિઓ માટે પણ જાણીતો છે. પર્યાવરણ જતન અને સંવર્ધન માટે વન વિભાગ સતત પ્રયત્નશીલ રહે છે. જેના પરિણામે વન્ય જીવસૃષ્ટિનું સંરક્ષણ શક્યા બન્યું છે. વધુમાં મંત્રીએ જણાવ્યું હતું કે, બરડા સહિતના વિસ્તારમાં માલધારીઓ બહોળી સંખ્યામાં નિવાસ કરે છે. જંગલ સફારી પ્રારંભ થતાં માલધારીઓ માટે રોજગારીની અનેક તકો નિર્માણ થશે તેમજ પ્રવાસીઓને પણ ગ્રામીણ સંસ્કૃતિ તેમજ પ્રકૃતિ નજીકથી જાણવાનો એક લહાવો પ્રાપ્ત થશે. એશિયાટિક સિંહોના બરડામા વસવાટ થતા બરડા પંથકની પ્રજામાં પણ અનેરો ઉત્સાહ જોવા મળ્યો છે. મારો સૌ નાગરિકોને અનુરોધ છે કે વન તથા વન્યજીવો સંરક્ષણ માટે આપણે સૌ સાથે મળી સહકાર આપીએ. આ પ્રસંગે પોરબંદરના ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, જો આપણે જંગલો રક્ષણ કરીશું તો જ વન્યજીવ સૃષ્ટિનું રક્ષણ થશે. ગીર વન્યજીવ અભ્યારણ્ય બાદ હવે બરડામાં પણ સિંહો હાજરીથી પ્રવાસીઓને નવું નજરાણું પ્રાપ્ત થયું છે. વડાપ્રધાનશ્રીની પ્રેરણા અને માર્ગદર્શન થકી સોમનાથ થી દ્વારકા સુધીના અનેક પ્રવાસન સ્થળો વિકાસ થયો છે જેનો સીધો લાભ આપણે સૌને મળ્યો છે. પ્રવાસન સ્થળોમાં વિકાસ થવાને પરિણામે નાગરિકોના જીવનમાં પણ ઉન્નતિ થઈ છે. વન્યજીવો સંરક્ષણ અને પર્યાવરણ જતન કરવાની નૈતિક જવાબદારી આપણા સૌની છે. તો ચાલો આપણે પર્યાવરણનું સંવર્ધન કરી આપણી આગામી પેઢીને સુરક્ષિત વાતાવરણ પૂરૂ પાડીએ. અગ્ર મુખ્ય વનસંરક્ષક અને ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડન નિત્યાનંદ શ્રીવાસ્તવે મહાનુભાવો તેમજ મોટી સંખ્યામાં હાજર રહેલ સ્થાનિકોને આવકારીને જણાવ્યું હતુ કે, બરડા અભયારણ્ય બન્યું ત્યારથી આ સ્થળ 'સિંહોનું બીજું ઘર' બને તે વિઝન સેવવામાં આવ્યું હતું, જે આજે સાકાર થવા જઈ રહ્યું છે.

અહીં અનેક સિંહો નિવાસ કરી રહ્યાં છે. સિંહોને અનુકૂળ વાતાવરણ બનાવીને તેમજ તેમના ખોરાક રૂપ હરણ, સાંભર વગેરેનું પણ સંવર્ધન કરીને આ શક્ય બન્યું છે. આ સફારી કાર્યરત થતાં સ્થાનિક સ્તરે રોજગારીની નવી તકોનું સર્જન થશે અને આ અંતરિયાળ વિસ્તારના વિકાસનો માર્ગ મોકળો બનશે.

વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા સહિત મહાનુભાવો હસ્તે બરડા જંગલ સફારી ફેઝ-૧નું લોકાર્પણ, રાણાવાવ રેન્જ ઓફિસનું ઈ-લોકાર્પણ કરાયું હતું. ઉપરાંત, સિંહ સંરક્ષણ માટે વેટરનરી ટીમને રેસક્યુ વાહન લોકાર્પણ તથા સાસણ તેમજ પોરબંદર વેટરનરી અને ટ્રેકર ટીમને પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે માલધારી સમાજના યુવાનો દ્વારા વિખ્યાત મણિયારો રાસ રજૂ કરવામાં આવ્યો હતો તેમજ ઉપસ્થિત સૌએ બરડા જંગલ સફારી તથા કિલેશ્વર નેચર એજ્યુકેશન કેમ્પ વિશેની દસ્તાવેજી ફિલ્મ નિહાળી હતી. આ સાથે મહાનુભાવોએ જંગલ સફારી વિશે વિસ્તૃત માહિતી દર્શાવતી બુકલેટ તથા બ્રોશરનું વિમોચન કરવામાં આવ્યું હતું. કાર્યકમમાં મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત પોરબંદર નાયબ વન સંરક્ષક લોકેશ ભારદ્વાજ તથા આભારવિધિ આર.એફ.ઓ એસ.આર. ભમ્મર દ્વારા કરવામાં આવી હતી. બરડા જંગલ સફારી ફેઝ-૧ લોકાર્પણ પ્રસંગે દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર જી.ટી.પંડ્યા, પોરબંદર કલેકટર એસ.ડી.ધાનાણી, પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા, દેવભૂમિ દ્વારકા ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી ભૂપેશ જોટાણીયા, નાયબ વન સંરક્ષક સર્વે ધનપાલ, અરૂણકુમાર, સામાજિક અગ્રણી પી.એસ.જાડેજા, પાલાભાઈ કરમુર, પ્રતાપ પિંડારિયા, વી.ડી.મોરી અને મોટી સંખ્યામાં નાગરિકો ઊપસ્થિત રહ્યા હતાં. ઉલ્લેખનીય છે કે, બરડા પ્રદેશના ઊંચા નીચા ડુંગર અને ટેકરીઓથી સુસજ્જિત ભૌગોલિક રચના આશરે ૨૧૫ ચોરસ કિમીનો વિસ્તાર પૈકી ૧૯૨.૩૧ ચોરસ કિ.મી. વિસ્તારને વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨ હેઠળ સત્તાવાર રીતે વન્યજીવ અભયારણ્ય તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

બરડા વન્યજીવ અભયારણ્ય પોરબંદર અને દેવભૂમિ દ્વારકા એમ બે જિલ્લાઓમાં ફેલાયેલો છે. બરડા જંગલ સફારીમાં ભાણવડ - રાણાવાવ તેમજ બરડા વન્યપ્રાણી અભયારણ્યના સૌથી મનોહર વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સફારી દ્વારા પ્રવાસીઓ બરડા વન્યજીવ અભયારણ્યની સમૃદ્ધ જૈવવિવિધતાનો અકલ્પનીય અનુભવ થશે.

આ સફારી ટ્રેઈલ કીલગંગા નદીના સાનિધ્યમાંથી પસાર થઈ બરડા વન્યજીવ અભયારણ્યની સમૃદ્ધ વનસ્પતિ સૃષ્ટિ તેમજ વિશિષ્ટ પ્રાણીસૃષ્ટિ નિહાળી શકાશે. સફારી પરમિટ મેળવવા માટે પ્રવાસીઓએ ટિકિટ બારી પર અગાઉથી બુકિંગ કરાવવું ફરજીયાત છે. આગામી સમયમાં આ પરમિટ માટે ઓનલાઈન બુકિંગની સુવિધા પણ ઉપલબ્ધ થશે, જેથી પ્રવાસીઓ વધુ સરળતાથી અને આગોતરૂ આયોજન કરી શકશે.

**બરડા વન્યજીવ અભયારણ્યની વિશેષતાઓ**

આ અભયારણ્યમાં વિવિધ પ્રકારની વનસ્પતિઓ, વન્યજીવ તેમજ રંગબેરંગી સ્થાનિક અને યાયાવર પક્ષીઓને વિચરણ માટે જૂનું અને જાણીતું સ્થળ છે અને એની નોંધ સમગ્ર વિશ્વ એ લીધી છે. બરડા વન્યજીવ અભયારણ્યનું વૈવિધ્યસભર નિવસન તંત્ર ૩૬૮ વનસ્પતિ પ્રજાતિઓને આશ્રય આપે છે, જેમાં ૫૯ વૃક્ષો, ૮૩ છોડ, ૨૦૦ ક્ષુપ અને ૨૬ વેલાઓની પ્રજાતિઓનો સમાવેશ થાય છે. જ્યારે વનસ્પતિની ૩૬૮ પ્રજાતિઓમાં, ક્ષુપનું પ્રમાણ સૌથી વધુ ૫૪ ટકા છે. ત્યારબાદ ૨૩ ટકા છોડ, વૃક્ષો ૧૬ ટકા અને વેલાઓ ૦૭ ટકાનો સમાવેશ થાય છે. વનસ્પતિઓમાં રાયણ બરડાની સૌથી મહત્વપૂર્ણ પ્રજાતિઓમાંની એક છે.

**બરડા અભયારણ્યમાં જોવા મળતા પશુ- પક્ષીઓ**

લગભગ ૧૪ દાયકા પછી આ જંગલના વિસ્તાર ફરી એક વખત એશિયાઈ સિંહોની હાજરીનું ગૌરવ અનુભવી રહ્યું છે. ઉપરાંત આ અભયારણ્યમાં કુલ ૨૨ સસ્તન પ્રાણીઓની પ્રજાતિઓ માટેનું નિવાસસ્થાન છે,જેમાં સિંહ સિવાય દીપડા,જંગલી બિલાડી, ઝરખ, નોળિયો, વીંજ/નાનું વણીયર, શિયાળ, લોંકડી અને સસલા સામેલ છે. આ ઉપરાંત અભયારણ્ય હરણ, સાબર, ચિત્તલ, નીલગાય અને જંગલી ભૂંડ જેવા પ્રાણીઓનું પણ વસવાટ કરે છે. આ અભયારણ્યમાં પક્ષીઓની ૨૬૯ પ્રજાતિઓનો સમાવેશ થાય છે, જે સૌ નાગરિકો માટે ગૌરવ સમાન છે. જેમાં મોર, તેતર, દૂધરાજ, પીળીચાંચ ઢોંક, બુલબુલ, ચાશ, દેશી નીલકંઠ, શ્વેત કંઠ કલકલિયો જેવા પક્ષીઓ વિચરણ કરતા જોવા મળે છે.

**બરડા અભયારણ્યની મુલાકાત માટેનો ઉત્તમ સમય**

આ અભયારણ્યની પ્રવાસીઓ સવારે ૦૬ કલાકથી સાંજે ૦૪ વાગે સુધી મુલાકાત લઈ શકે છે. સાથે જ શિયાળામાં તા. ૧૬ ઓક્ટોબરથી ફેબ્રુઆરી અને ઉનાળામાં તા.૧ માર્ચથી ૧૫ જૂન સુધી ચાલુ હોય છે. આ ઉપરાંત દર વર્ષે ૧૬ જૂનથી ૧૫ ઓક્ટોબર દરમ્યાન બરડા જંગલ સફારી બંધ રહે છે.

**પ્રવાસીઓ માટે નજીકના મુખ્ય પ્રવાસન આકર્ષણો**

બરડા વન્યજીવ અભયારણ્ય નવલખા મંદિર, મોડપર કિલ્લો, જાંબુવન ગુફા, સુદામા, કીર્તિ, પ્રસિદ્ધ નાગેશ્વર તેમજ દ્વારકાધીશ મંદિર જેવા વિશ્વ પ્રખ્યાત સ્થળો આવેલા છે.

## ધનતેરસના પાવન પર્વે બરડા પંથકને જંગલ સફારીની ભેટ આપતાં વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા

### આગામી તા.૧૨મી નવેમ્બરથી શરૂ થનારી

# ગિરનારની પરિક્રમામાં યાત્રાળુઓની સુવિધા જળવાઈ રહે તે માટે સાધુ સંતો અને સંસ્થાઓના પ્રતિનિધિઓએ જિલ્લા વહીવટી તંત્ર સાથે મિટિંગમાં કર્યો સંવાદ

## ગિરનારની પરિક્રમામાં યાત્રાળુઓને મુશ્કેલી ન પડે તે પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે : કલેકટર અનિલકુમાર રાણાવસિયા




જૂનાગઢ તા.૩૦ આગામી તા.૧૨ નવેમ્બર થી તા.૧૫ નવેમ્બર સુધી યોજાનારી પરંપરાગત ગિરનારની લીલી પરિક્રમા ની તમામ તૈયારીઓ જિલ્લા વહીવટી તંત્ર એ પૂર્ણ કરી છે. જૂનાગઢ કલેક્ટર અનિલ કુમાર રાણાવસિયાના અધ્યક્ષ સ્થાને આજે ગિરનારની પરિક્રમાની તૈયારી અંગેની બેઠક મળી હતી જેમાં કલેક્ટર સહિતના જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને સાધુ સંતો તેમજ અન્ન ક્ષેત્રોના પ્રતિનિધિઓ એ યાત્રાળુ માટે જરૂરી વ્યવસ્થાઓ સુવિધા અંગે સંવાદ કરી પરિક્રમા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય અને યાત્રાળુઓને અગવડતા ન પડે તે માટે આખરી આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે ગિરનારની લીલી પરિક્રમામાં યાત્રાળુઓની કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે સંબંધિત વિભાગોએ આયોજન કર્યું છે ગિરનારની લીલી પરિક્રમામાં જંગલ સ્વચ્છ રહે રૂટ ઉપર ક્યાંય કચરો ન થાય તેમજ અન્ય ક્ષેત્રો દ્વારા ગંદકી કરવામાં ન આવે અને તે માટેની વ્યવસ્થામાં તંત્રને સહયોગ આપવામાં આવે તે માટે કલેક્ટરશ્રી અનુરોધ કર્યો હતો અને સ્વચ્છતા ની તમામ કામગીરી પર દેખરેખ રાખવામાં આવશે તેમ પણ કલેક્ટરે જણાવ્યું હતું.

અન્ન ક્ષેત્રો સહિતના સંસ્થાઓએ પરિક્રમામાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે જન જાગૃતિ અને સંસ્થાઓ દ્વારા પણ પૂરતા પગલાં લેવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી હતી.

ગિરનારની પરિક્રમા યાત્રાળુઓને હાર્ટ એટેક આવે તો તાત્કાલિક સારવાર મળી રહે તે માટે વ્યવસ્થાઓ કરાશે. આ ઉપરાંત કર્મચારી અધિકારીઓને સીપીઆરની ટ્રેનીંગ પણ અપાશે. પોલીસ વિભાગ દ્વારા જરૂરી બંદોબસ્ત ગોઠવવામાં આવશે તેમ કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું. વન વિભાગ દ્વારા પણ પૂરતો બંદોબસ્ત અને માર્ગો મરામત અને અન્ય સુવિધાઓ ની પણ તૈયારી કરવામાં આવી રહી છે. આ બેઠકમાં જૂનાગઢના ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયા અને મહંત શ્રી ઈન્દ્રભારતી બાપુ દ્વારા યાત્રાળુઓ બહુ વહેલી પરિક્રમા શરૂ ન કરી દે અને પરિક્રમા ના રૂટ પર જ પરિક્રમા કરે અને યાત્રાળુઓ સહેલાઈથી પરીક્રમાં પૂર્ણ કરે તે બાબતે જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા.

આ મિટિંગમાં સંતો મહંતો ઉપરાંત અગ્રણી સર્વશ્રી યોગેન્દ્રસીંહ પઢિયાર, બટુકભાઈ મકવાણા, ભાવેશભાઈ વેકરીયા, ખોડીયાર રાસ મંડળના પ્રમુખ જાદવભાઈ કાકડીયા તેમજ અન્ય ક્ષેત્રોના પ્રતિનિધિઓ અધિકારીઓમાં નાયબ વન સંરક્ષક અક્ષય જોશી, પોલીસ અધિક્ષકશ્રી હર્ષદ મહેતા જિલ્લા વિકાસ અધિકારીશ્રી નિતીન સાંગવાન, અધિક કલેક્ટર શ્રી એન.એફ ચૌધરી, પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહીલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ની કચેરી દ્વારા

# મીનરાજ શૈક્ષણિક સંકુલ જૂનાગઢ ખાતે રાજ્ય કક્ષા બાળ નાટય, નૃત્ય નાટિકા સ્પર્ધા યોજાઈ




જૂનાગઢ તા.૩૦ રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર અને કમીશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ની કચેરી ગાંધીનગર આયોજિત જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ની કચેરી જૂનાગઢ સંચાલિત મીનરાજ શૈક્ષણિક સંકુલ જૂનાગઢ ના સહયોગ થી રાજ્ય કક્ષા બાળ નાટય, નૃત્ય નાટિકા સ્પર્ધા યોજાઈ. રાજ્યના વિવિધ ૧૮ જેટલા જિલ્લા ના ૦૭ થી ૧૩ વર્ષ ના બાળકો એ બાળ નાટક અને નૃત્ય નાટિકા માં ૫૦૦ થી વધારે સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત નીતાબેન વાળા, જિલ્લા યુવા વિકાસ અધિકારી જૂનાગઢ એ કર્યું હતું. અને મહેમાનોનું દાદુભાઈ કનારા દ્વારા મોમેંન્ટોથી સ્વાગત કર્યું હતું. જિલ્લા પંચાયત ના પ્રમુખ હરેશભાઈ ઠુમ્મર અને જૂનાગઢના ધારાસભ્ય સંજય ભાઈ કોરડીયા ના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામા આવી હતી. ધારાસભ્ય સંજય કોરડીયાએ ઉદ્‌બોધનમાં વિવિધ જિલ્લાના બાળકોનું જય ગિરનારીના નાદ સાથે સ્વાગત અભિવાદન કર્યું હતું અને સ્પર્ધાના રંગમંચ પર સારું પરફોર્મન્સ આપો તેવી સૌ સ્પર્ધકોને શુભ કામનાઓ પાઠવી હતી.

રાજ્ય કક્ષાની સ્પર્ધામાં પસંદ થયેલ કૃતિ રજુ કરનાર પ્રત્યેક સંસ્થા ને રૂા. ૧૫૦૦/- પુરસ્કાર , શ્રેષ્ઠ અભિનય બદલ વ્યક્તિગત ત્રણ કુમારિકા ને પણ રૂા.૫૦૦/- ના ત્રણ ઈનામો અને ત્રણ કુમારોને રૂા.૫૦૦/- ના ઈનામો એમ બધા મળી કુલ રૂા.૩૦૦૦/- ઈનામો, નાટ્ય સ્પર્ધા માં પ્રથમ વિજેતાને રૂા.૧૫૦૦/- નું રોકડ પારિતોષિક, દ્વિતીય વિજેતાને રૂા. ૧૦૦૦/- રોકડ પારિતોષિક, તથા તૃતીય વિજેતાને રૂ.૫૦૦/- નું રોકડ પારિતોષિક, નૃત્ય નાટિકા વિભાગમાં પ્રથમ વિજેતાને રૂા.૧૫૦૦/- નું રોકડ પારિતોષિક, દ્વિતીય વિજેતાને રૂા. ૧૦૦૦/- રોકડ પારિતોષિક તથા તૃતીય વિજેતાને રૂા.૫૦૦/ - નું રોકડ પારિતોષિક, દિર્ગદર્શકો ને પ્રથમ, દ્વિતીય , તૃતીય ઈનામો અનુક્રમે રૂા.૧૦૦૦/- તથા રૂા. ૭૫૦/- અને રૂા. ૫૦૦/- રોકડ પારિતોષિક , શ્રેષ્ઠ બાળ નાટ્ય લેખન ની દ્રષ્ટીએ પણ પારિતોષિક લેખક ને રૂા. ૫૦૦/ - , શ્રેષ્ઠ બાળ નૃત્ય નાટિકા ના શ્રેષ્ઠ પ્રથમ નૃત્ય નિર્દેશક ને રૂા.૫૦૦/- રોકડ પારિતોષિક અપાશે.

### નાયબ વન સંરક્ષક જૂનાગઢની અધ્યક્ષતામાં

# ગીર અભ્યારણ્ય નજીક આવતા હોટેલ માલીકો, હોમ સ્ટે માલીકો તથા ફાર્મ હાઉસવાળાઓની સાથે મિટીંગ યોજાઈ

## વન્યપ્રાણીઓ અંગેના ગુન્હાઓ પ્રત્યે માહિતગાર કરી ગુન્હો ધ્યાને આવે તો વન તંત્રને જાણ કરવા વગેરે બાબતો અંગેનો સંવાદ કરવામાં આવ્યો




જૂનાગઢ તા.૩૦ દિવાળી તહેવારોની જાહેર રજાઓ આવી રહી છે તે અન્વયે વિશ્વમાં એશિયાઈ સિંહનુ એક માત્ર નિવાસ સ્થળ "ગીર" છે. તેને નિહારવા માટે મોટી સંખ્યામાં પ્રવાસીઓ ગીર અભ્યારણ્યની મુલાકાતે આવતા હોય છે. તેઓ ગીર અભ્યારણ્ય આસપાસ આવેલ હોટેલ, હોમ સ્ટે, ફાર્મ હાઉસોમાં રહેવાનુ પસંદ કરતા હોય છે. તેને ધ્યાને રાખીને સિંહ સદન ગેસ્ટ હાઉસ, સાસણ ખાતે, ગીર અભ્યારણ્ય નજીક આવતા હોટેલ માલીકો, હોમ સ્ટે માલીકો તથા ફાર્મ હાઉસ વાળાઓની સાથે તથા નાયબ વન સંરક્ષક, ગીર પશ્ચિમ વિભાગ, જૂનાગઢની અધ્યક્ષતામાં તથા મદદનીશ વન સંરક્ષક, જામવાળા તથા રેન્જ ફોરેસ્ટ ઓફીસર તમામ સાથે બેઠક કરવામાં આવેલ હતી.

આ બેઠકમાં મુખ્ય જંગલ વિસ્તારમાં કે, બુહદગીર વિસ્તારમાં પ્રવાસીઓને ગેરકાયદેસર લાયન શો ન કરવા તથા ગીરએ ગુજરાત નુ હદય છે અને સિંહ એ ગીરની શાન છે. તેને જોવા માટે સાસણ સફારી, ગીરનાર સફારી, દેવળીયા પાર્ક અને આંબરડી સફારી પાર્ક એમ માત્ર ચાર જ અધિકૃત જગ્યાઓ છે. આ સિવાય કોઈપણ વ્યક્તી સિંહ બતાવવાની લાલચ આપે, તો તેમાં ભરમાવુ નહી. આવા લેભાગુ તત્વોની વાતમાં ફસાવુ નહી. તથા વન્યપ્રાણીઓને રંજાડવા, દોડાવવા, તેની પાછળ વાહન દોડાવવા, હોર્ન વગાડી-લાઈટ મારી પરેશાન કરવા, ખોરાક-પાણીની લાલચ આપી ચોક્કસ જગ્યાએ રોકી રાખવા કે લઈ જવા ગુંહાઈત કુત્યુ કરવા કે કરાવવા, મદદગારી કરવી કે પ્રયત્નો કરવા એ સજાપાત્ર ગંભીર ગુન્હો છે. તથા લાયન શો જેવા કૃત્યોમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહભાગી થવુ મદદગારી કરવી બિન અધિકૃત જગ્યાએ સિંહ જોવા બોલાવવા કે સિંહ ની હાજરી વિષે જાણ કરવી એ પણ એટલો જ સજાપાત્ર ગંભીર ગુન્હો છે. તથા અનુસુચિ-૧ ના વન્યપ્રાણીઓ અંગેના ગુન્હાઓ વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ની કલમ ૯ હેઠળ ૭ (સાત) વર્ષ સુધીની કેદ અને રૂ. ૧,૦૦,૦૦૦/- સુધીના દંડની જોગવાઈ વાળા બિન જામીનપાત્ર ગુન્હાઓ છે. આવા કોઈપણ બનાવ આપના ધ્યાને આવે તો નજીકની વન કચેરીનો સંપર્ક કરી તુરંત જાણ કરવા જણાવવામાં આવ્યુ હતું.

# 'બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત' દિકરી વધામણા કીટ વિતરણ અને રંગોળી સ્પર્ધા આયોજન




જૂનાગઢ તા. ૩૦ બેટી બચાવો બેટી પઢાવો યોજનાને સાર્થક કરવા અને સમાજમાં જાગૃતતા લાવવાના હેતુથી જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી સી.જી.સોજીત્રા સાહેબ અને દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારીશ્રી બી.ડી.ભાડ સાહેબ નાં માર્ગદર્શન હેઠળ બેટી બચાવો બેટી પઢાવો સેલ જૂનાગઢ દ્વારા ધનતેરસ નાં દિવસે જન્મેલ લક્ષ્મી સ્વરૂપ દીકરીઓને આવકારવા તેમજ સમાજમાં દિકરી- દીકરો એક સમાનના સુત્રનો અમલ કરવાના હેતુથી આજ રોજ જૂનાગઢના સ્લમ વિસ્તારમાં દિકરી વધામણા કીટનુ વિતરણ કરવામાં આવેલ અને ત્યારબાદ જોષીપરા ઠાકરશ્રી નગરમાં દિવાળીનાં તહેવારોમાં લોકોના જીવનમાં ઉત્સવ જળવાઈ રહે માટે રંગોળી સ્પર્ધા નું પણ આયોજન કરવામાં આવ્યું હતું અને સરકારશ્રી ની વ્હાલી દિકરી યોજના અંગેનું માર્ગદર્શન પણ પૂરૂં પાડવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં મહિલા અને બાળ અધિકારીની કચેરીના ડીસ્ટ્રીક હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમનના ડીસ્ટ્રીક મિશન કોર્ડીનેટર કૃપાબેન ખુંટ, જેન્ડર સ્પેશિયાલીસ્ટ મીનાક્ષીબેન ડેર તેમજ કચેરીના સ્ટાફ, સખી વન સ્ટોપ સેન્ટરના કેન્દ્ર સંચાલક અંકિતાબેન ભાખર કેસ વર્કર ખુંટ હિરલબેન હાજર રહ્યા હતા.

### RBIએ Jio પેમેન્ટને આપ્યું લાયસન્સ

# ઉદ્યોગપતિ મુકેશ અંબાણીને દિવાળી પહેલા શાનદાર ભેટ

નવીદિલ્હી, તા.૩૦ ઉદ્યોગપતિ મુકેશ અંબાણીને દિવાળી પહેલા શાનદાર ભેટ મળી છે. તેમને આ ભેટ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તરફથી મળી છે. મંગળવારે **RBI** એ જિયો ફાઈનાન્શિયલ સર્વિસિસની પેટાકંપની **Jio** પેમેન્ટ સોલ્યુશન્સ લિમિટેડને ઓનલાઈન પેમેન્ટ એગ્રીગેટર તરીકે કામ કરવા માટે સંમતિ આપી હતી. **'Jio Pay'** જેવી સેવાઓ ચલાવતી આ કંપની હવે સમગ્ર દેશમાં પેમેન્ટ એગ્રીગેટર તરીકે કામ કરી શકશે.

અત્યારે દેશમાં ડિજિટલ પેમેન્ટ સેક્ટરમાં ગૂગલ પે અને ફોનપેનું વર્ચસ્વ છે. તેઓ ડિજિટલ પેમેન્ટ સેગમેન્ટમાં ૬૦ ટકાથી વધુ વ્યવહારો સંભાળે છે. તેથી, **RBI** અને નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા પણ હાલમાં દેશમાં નવી થર્ડ પાર્ટી એપ્સને પેમેન્ટ લાઈસન્સ આપી રહ્યા છે. આમાં **Zomato, Cred** વગેરેનો સમાવેશ થાય છે.

જિયો ફાઈનાન્શિયલ સર્વિસે શેરબજારને જાણ કરી હતી કે તેને આરબીઆઈ તરફથી પેમેન્ટ એગ્રીગેટરનું લાઈસન્સ મળ્યું છે. આ ૨૮ ઓક્ટોબર ૨૦૨૪થી લાગુ થઈ ગયું છે. પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ-૨૦૦૭ ની કલમ ૭ હેઠળ, જિયો પેમેન્ટ સોલ્યુશન્સ હવે ડિજિટલ ટ્રાન્ઝેક્શન્સ જાતે જ મેનેજ કરી શકશે.

કંપનીને આપવામાં આવેલા આ લાયસન્સની અસર **Jio Financial Services**ના શેર પર પણ જોવા મળી છે. મંગળવારે કંપનીના શેરમાં ૧.૪૫ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો અને તે રૂ. ૩૨૧ની ઉપરના ભાવે ટ્રેડ થઈ રહ્યો છે.


ગયા વર્ષે **RBI** એ પેટીએમ પર નવા ગ્રાહકોને પેટીએમ પેમેન્ટ બેંક સેવા પર ઓનબોર્ડ કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો. ત્યારથી પેમેન્ટ બેંક સ્તરે માર્કેટમાં ખાલી જગ્યા પડી છે. **Paytm** હજુ પણ આ કાર્યવાહીથી ઉદ્ભવતા સંકટનો સામનો કરી રહ્યું છે. આવી સ્થિતિમાં, **Jio** પાસે હવે ડિજિટલ ફાઈનાન્સ સર્વિસ માર્કેટમાં મોટો હિસ્સો મેળવવાની તક હશે.

**Jio Payments Bank** એ **Jio** ફાઈનાન્સિયલ સર્વિસનો એક ભાગ છે. હાલમાં, આ બેંક લોકોને ડિજિટલ બચત ખાતાની સુવિધા પૂરી પાડે છે. આ માટે બાયોમેટ્રિક ઓથેન્ટિકેશનનો ઉપયોગ કરવામાં આવે છે.

**Jio Payments Bank** એ **Jio** ફાઈનાન્સિયલ સર્વિસનો એક ભાગ છે. હાલમાં, આ બેંક લોકોને ડિજિટલ બચત ખાતાની સુવિધા પૂરી પાડે છે. આ માટે બાયોમેટ્રિક ઓથેન્ટિકેશનનો ઉપયોગ કરવામાં આવે છે.

લોકોને ભૌતિક ડેબિટ કાર્ડ આપવામાં આવે છે. તેના ૧૫ લાખ સક્રિય ગ્રાહકો છે. **Jio Financial Services** આવનારા દિવસોમાં સંપૂર્ણ બેંકિંગ સેવા આપવાનો પ્રયાસ કરી રહી છે.

# અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ અંતરિક્ષમાં જ દિવાળી ઉજવશે



અમદાવાદ,તા.૩૦ નાસાના અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સ આ વખતે અવકાશમાં જ દિવાળી ઉજવશે. તેમણે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન તરફથી એક વીડિયો મેસેજ શેર કર્યો છે જેમાં તેમણે પૃથ્વીવાસીઓને દિવાળીની શુભેચ્છા પાઠવી હતો. તેમણે કહ્યું કે, 'આ વર્ષે માને પૃથ્વીથી ૨૬૦ માઈલ દૂર દિવાળી ઉજવવાની અનોખી તક મળી છે.' આ દરમિયાન સુનીતા વિલિયમ્સે તેના પિતાના પ્રયાસોને યાદ કર્યા હતા. જેણે તેમના પરિવારને દિવાળી અને અન્ય ભારતીય તહેવારો વિશે શીખવીને ભારતીય સંસ્કૃતિને જીવંત રાખી હતી. વીડિયો મેસેજમાં સુનીતા વિલિયમ્સે જણાવ્યું હતુ કે, 'આ વર્ષે મને પૃથ્વીથી ૨૬૦ માઈલ દૂર ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર દિવાળી ઉજવવાની અનોખી તક મળી છે. દિવાળી એ આનંદનો સમય છે, આજે અમારા સમુદાય સાથે દિવાળીની ઉજવણી કરવા અને અમારા સમુદાયના એનેક યોગદાનને માન્યતા આપવા બદલ અમેરિકન પ્રમુખ જો બાઈડેન અને ઉપપ્રમુખ કમલા હેરિસનો આભાર.' આ વીડિયો મેસેજ વ્હાઈટ હાઉસમાં આયોજિત દિવાળીની ઉજવણી દરમિયાન આવ્યો હતો.સુનીતા વિલિયમ્સ તેના સાથી અવકાશયાત્રી બૂચ વિલમોર સાથે જૂનથી ISS પર છે. બંનેએ પહેલી ક્રૂ ફ્લાઈટ પાંચમી જૂને બોઈંગના સ્ટારલાઈનર સ્પેસક્રાફ્ટ પર કરી હતી, જે છઠ્ઠી જૂને સ્પેસ સ્ટેશન પર પહોંચી હતી. સ્ટારલાઈનરને તેના ક્રૂ વિના પૃથ્વી પર પરત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને છઠ્ઠી સપ્ટેમ્બરના રોજ સ્પેસક્રાફ્ટ સફળતાપૂર્વક પાછું ફર્યું હતું, કારણ કે ઓગસ્ટમાં નાસાએ વિલમોર અને વિલિયમ્સને પૃથ્વી પર પાછા ફરવું ખૂબ જોખમી હતું. હવે નાસાએ પૃથ્વી પર તેઓના આગમનની ૨૫મી ફેબ્રુઆરી ૨૦૨૫ નક્કી કરી છે.

દિપાવલી, નૂતન વર્ષનાં પર્વનાં વધામણા

# જૂનાગઢ શહેર રોશનીથી ઝળહળી ઉઠયું : લોકોમાં ભારે ઉત્સાહ

## ઘર આંગણે, વ્યવસાય સંકુલોમાં આસો પાલવનાં તોરણ, આકર્ષક રંગોળી, ઈલેકટ્રીક લાઈટ ડેરકોરેશન અને ફટાકડાની આતશબાજી







જૂનાગઢ તા.૩૦

દિપાવલી, નૂતન વર્ષનાં પર્વને હવે ગણતરીનાં કલાકો જ રહયા છે ત્યારે જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં તહેવારની ઉજવણીનો પ્રારંભ ગયો છે. આ સાથે જ પ્રકાશના પર્વ એવો દિપાવલી અને નૂતન વર્ષનાં આગમનનાં વધામણા કરવામાં આવી રહયા છે. સૌરાષ્ટ્રની તાસીર છે કે તહેવારોની ઉજવણી તો હટકે જ કરતા હોય છે. ગમે તેવી પરિસ્થિતી હોય પરંતુ વર્ષ દરમ્યાન આવતાં જુદા જુદા તહેવારોને ઉજવવા માટે લોકો થનગની ઉઠે છે. તહેવારોને ''દિલ સે''ઉજવે છે દરમ્યાન દિપાવલી અને નૂતન વર્ષનાં તહેવારોની ઉજવણીનો અગીયારસથી જ પ્રારંભ થઈ જાય છે. ગઈકાલે ધરતેરસની પણ ઉત્સાહભેર ઉજવણી કર્યા બાદ આજે કાળી ચૌદશ અને આવતીકાલે દિપાવલી તેમજ નૂતન વર્ષના તહેવારોની ઉજવણીનો માહોલ સર્વત્ર જોવા મળી રહયો છે. જૂનાગઢ શહેરમાં પણ લોકોમાં ભારે ઉત્સાહ પ્રવર્તી રહયો છે. તહેવારો પ્રસંગે લોકોએ પોતાનાં ઘર વ્યવસાય સંકુલ સજાવટ કરી છે. આસો પાલવના તોરણ બાંધવામાં આવ્યા છે. આકર્ષક રંગોળી આલેખવામાં આવી છે તેમજ ઈલેકટ્રીક ડેકોરેશનની સજાવટ પણ કરવામાં આવી છે જેને લઈને જૂનાગઢ શહેર રોશનીથી ઝળહળી ઉઠયું છે. તહેવારોનાં આ દિવસોમાં અનેક ચીજવસ્તુઓ લોકો ખરીદતા હોય છે. મુખવાસ, કલર, ફરસાણ, મીઠાઈ, ઈલેકટ્રીક સીરીઝો, બુટ, ચપ્પલ, વસ્ત્રો, નોવેલ્ટી, સોનાનાં ઘરેણા સહિતની ચીજવસ્તુઓ લોકો ખરીદતા હોય છે. તહેવારોના આ દિવસોમાં જૂનાગઢની તમામ બજારોમાં પણ તેજીનો દોર શરૂ થયો છે અને લોકો હોંશે હોંશે વસ્તુઓ ખરીદવા માટે ઉમટી પડયા છે. દિપાવલી અને નૂતન વર્ષનાં તહેવારોની ઉજવણીનો પ્રારંભ આમ તો અગીયારસથી થઈ જતો હોય છે. ધનતેરસનાં પર્વની વિશેષ ઉજવણી અને આજે કાળી ચૌદશનાં ખાસ હનુમાનજી મહારાજ, કાળ ભૈરવ દાદા, સની મહારાજની પુજા થતી હોય છે. લોકો દર્શને ઉમટી પડતા હોય છે. અને દિપાવલીનાં દિવસે શારદાપુજન, લક્ષ્મીપુજન સાથે ફટાકડાની આતશબાજી કરવામાં આવે છે. દિપાવલી, નૂતન વર્ષનાં તહેવારોને ઉત્સાહભેર ઉજવવા માટે લોકો સજ્જ બની ગયા છે.

---

૮ નવેમ્બરે માંગલ્ય પાર્ટી પ્લોટ ખાતે ગુંજશે 'જય જલારામ'નો નાદ

# જૂનાગઢ લોહાણા મહાજન દ્વારા જલારામ જયંતિની વિવિધ કાર્યક્રમો દ્વારા થશે ઉજવણી

## ૨૨૫ દીવડાની આરતી, રક્તદાન કેમ્પ, થેલેસેમિયા પરીક્ષણ, ગૌશાળા–પક્ષીઓને દાન, ભૂદેવોને ભોજન અને જ્ઞાતિ મહાપ્રસાદ સહિતના આયોજન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

કારતક સુદ સાતમ જલારામ જયંતી એટલે રઘુવંશી પરિવારને બીજી દિવાળી, જૂનાગઢ લોહાણા મહાજન દ્વારા આગામી તા.૮ નવેમ્બરના શુક્રવારે ૨૨૫મી જલારામ જન્મ જયંતી પ્રસંગે સામાજિક સેવાકીય કાર્યક્રમ, જ્ઞાતિ મહાપ્રસાદ સહિતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. લોહાણા મહાજન પ્રમુખ મહેન્દ્રભાઈ મશરૂના માર્ગદર્શન હેઠળ યોજાનારા વિવિધ કાર્યક્રમોમાં ૮ નવેમ્બરના શુક્રવારે માંગલ્ય પાર્ટી પ્લોટ ખાતે સવારે ૧૦:૩૦ વાગ્યે જલારામ બાપાની ઝૂંપડી સન્મુખ ૨૨૫ દીવડાની આરતી થશે. ત્યારબાદ શાશ્વત ભૂદેવોનું પૂજન કરી ભોજન પ્રસાદ પીરસવામાં આવશે અને ત્યારબાદ રઘુવંશી પરિવારો માટે સમૂહ જ્ઞાતિ ભોજન પ્રસાદ(નાત)નું આયોજન કરવામાં આવ્યું છે. સવારથી બપોર સુધી યોજાનારા વિવિધ કાર્યક્રમોમાં માંગલ્ય પાર્ટી પ્લોટ ખાતે ગૌસેવા, બીમાર ગાયો પશુ-પક્ષીઓની સેવા કરતી સંસ્થાઓ અને ગૌશાળાને ઘાસચારા દવા અને ચણ માટે ચેક અર્પણ કરવામાં આવશે. મેડિકલ કાર્યક્રમ અંતર્ગત સવારે ૧૧થી બપોરે ૨:૩૦ વાગ્યા સુધી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં રક્તદાતાઓ આરામથી રક્તદાન કરી શકે તે માટે એર કન્ડિશન બસની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ જૂનાગઢની મંગલમ ઈન વિદ્ર લેબોરેટરી દ્વારા થેલેસેમિયા પરીક્ષણ અને આરબીએસ(રેન્ડમ બલ્ડ સુગર)ની પણ વિનામૂલ્યે તપાસ કરવામાં આવશે. ૮ નવેમ્બર શુક્રવારે યોજાનાર સમૂહ મહાપ્રસાદ ભોજન કાર્યક્રમમાં 'જય જલારામનો નાદ ગુંજી ઉઠશે' કાર્યક્રમની તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. જલારામ જયંતી નિમિત્તે યોજાનાર કાર્યક્રમમાં જ્ઞાતિજનોને પરિવાર સાથે ઉપસ્થિત રહેવા લોહાણા મહાજન પ્રમુખ મહેન્દ્રભાઈ મશરૂએ જણાવ્યું છે. જલારામ જયંતીના દિવસે યોજાનાર કાર્યક્રમમાં તમામ રઘુવંશી પરિવારોએ સહભાગી થવા અને જલારામ જયંતીના દિવસે વેપારી ભાઈઓએ ધંધા રોજગાર બંધ રાખી પ્રસંગમાં જોડાવા લોહાણા મહાજન પ્રમુખ મહેન્દ્રભાઈએ અનુરોધ કર્યો છે.

**હવેલી ગલી જલારામ મંદિરે અન્નકૂટ દર્શન**

જલારામ જયંતીના દિવસે હવેલી ગલી ખાતે આવેલ જલારામ બાપા અને માતૃશ્રી વીરબાઈમાં મંદિર ખાતે દિવંગત સેવાભાવી ટ્રસ્ટ ચીમનલાલ મથુરાદાસ રૂપારેલીયા-ગં.સ્વ રેખાબેન ચીમનલાલ રૂપારેલીયા પરિવાર(ચંદન કેટરર્સ) તરફથી સવારે ૮ વાગ્યાથી રાત્રિના ૯ વાગ્યા સુધી અન્નકૂટ દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

**જલારામ જયંતિ શોભાયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા બપોરે જલારામ બાપાની ભવ્ય શોભાયાત્રાનું આયોજન**

જલારામ જયંતી નિમિત્તે જલારામ જયંતિ મહોત્સવ શોભાયાત્રા સમિતિ દ્વારા ૮ નવેમ્બરના શુક્રવારે બપોરે ૪ વાગ્યે પોસ્ટ ઓફિસ રોડ ઉપર નવનિર્મિત થઈ રહેલા જલારામ બાપા તથા માતૃશ્રી વીરબાઈ માના મંદિરેથી ભવ્ય શોભા યાત્રા પ્રસ્થાન થશે. જે આઝાદ ચોક, એમજી રોડ, કાળવા ચોક, જયશ્રી રોડ, જલારામ સોસાયટી રોયલ પાર્ક ખાતે પૂર્ણ થશે.

---

# જૂનાગઢના ઝાંઝરડા રોડ પર ચાલતા જુગારધામમાંથી ૪ ઝડપાયા : રૂા.૨.૬૦ લાખનો મુદ્દામાલ કબ્જે

(ક્રાઈમ રીપોર્ટ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢ શહેરનાં ઝાંઝરડા રોડ પર ચાલતા જુગારધામ પર બી ડીવીઝન પોલીસે દરોડો પાડતા ૪ને ૨.૬૦ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસે ઝાંઝરડા રોડ પર આવેલ મોતી પેલેસ ગોલ્ડ એપાર્ટમેન્ટના બ્લોક નં.૨૦૨ રહેતા કિશોર નરોતમભાઈ વસંત પોતાના કબ્જા ભોગવટાના મકાનમાં જુગારધામ ચલાવતા હોવાની બાતમીના આધારે દરોડો પાડતા મકાન માલીક સહિત જલ્પેશ રણછોડભાઈ જાખણીયા, આકાશ રાજેશભાઈ પોપટ અને મનોજ સીદીભાઈ કુવાડીયાને રૂા.૧,૮૦,૦૦૦ રોકડ, ૪ મોબાઈલ, ૧ મોટર સાયકલ મળી કુલ રૂા.૨,૬૦,૦૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ જયારે એક અજાણ્યો શખ્સ નાસી જતા પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---

# જૂનાગઢમાંથી જાહેરમાં જુગાર રમતા ૮ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢ શહેરમાં આવેલ ગુજરાત હાઉસીંગ બોર્ડ નજીક જાહેરમાં જુગાર રમતા ૮ને સી ડીવીઝન પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર સી ડીવીઝન પોલીસે હાઉસીંગ બોર્ડ નજીક જાહેરમાં જુગાર રમતા મુકેશ ભીમાભાઈ વાઢેર, વિનોદ નરસિંહભાઈ નાવલીયા, મુકેશભાઈ નારણભાઈ સોનારા, વિપુલ વાલજીભાઈ કળથીયા, દેવશી પાલાભાઈ રાજતીયા, રામભાઈ રાણાભાઈ શામળા, ધરમણભાઈ ઉકાભાઈ જીલડીયા, ભરતભાઈ રવજીભાઈ રાઠોડને ૩૯૬૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ સી ડીવીઝન પોલીસ મથકે જુગારધારા ૧૨ મુજબ કાર્યવાહી કરી છે.

---

# તહેવારો દરમ્યાન ખોરાક અને ઔષધ નિયમન તંત્રની સચોટ કામગીરી

## "ફૂડ સેફટી પખવાડિયા"ની અભૂતપૂર્વ સફળતા જોતા તેને તા.૨૫ઓક્ટોબર સુધી ઉજવવામાં આવ્યું : રાજ્યવ્યાપી દરોડામાં ભેળસેળિયા વેપારીઓ પાસેથી રૂા.૭.૩ કરોડથી વધુનો શંકાસ્પદ ખાદ્ય ચીજોનો જથ્થો જપ્ત

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૩૦

રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, નાગરિકોને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત જીવન જરૂરી ખાદ્ય સામગ્રી ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકાર ખૂબ સતર્ક છે. જે અંતર્ગત ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા તા.૩ થી ૧૭ ઓકટોબર દરમ્યાન "ફૂડ સેફટી પખવાડિયા"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પખવાડિયાની અભૂતપૂર્વ સફળતા જોતા તા.૨૫ઓક્ટોબર સુધી ઉજવવામાં આવ્યું હતું. જે દરમ્યાન તંત્ર દ્વારા રૂા.૭.૩ કરોડથી વધુનો શંકાસ્પદ ખાદ્ય પદાર્થો પકડી ભેળસેળિયા વેપારીઓ ઉપર કડક કાર્યવાહી કરવામાં આવી હતી. રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તહેવારો દરમ્યાન નાગરિકોને શુદ્ધ ખાદ્ય ચીજો મળી રહે તે માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સઘન કાર્યવાહી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત ખાદ્ય ચીજોના ધંધા સાથે સંકળાયેલા ઉત્પાદકો, હોલેસેલરો, રીટેલર તથા કોલ્ડસ્ટોરેજ વગેરે જગ્યાએથી ફૂડ સેફટી પખવાડિયામાં અત્યાર સુધી કુલ ૯૯૦૦થી વધુ નમુનાઓ લેવામાં આવ્યા હતા, જયારે ૪૭૦૦ જેટલા ઈન્સ્પેકશન હાથ ધરવામાં આવ્યા હતા. વધુ વિગતો આપતા તેમણે ઉમેર્યું હતું કે, ફુડ સેફટી પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે તા.૨૫ ઓકટોબર સુધીમાં વિવિધ કચેરીઓ દ્વારા ૩૨૭૪ એન્ફોર્સમેન્ટ નમુના અને ૬૬૨૯ સર્વેલન્સ નમુના એમ કુલ ૯૯૦૩ જેટલા નમુના લેવામાં આવ્યા હતા, જયારે ૪૬૬૧ થી વધુ ઈન્સ્પેકશન હાથ ધરવામાં આવ્યા હતા. અત્યાર સુધી તંત્ર દ્વારા રાજયમાં વિવિધ જગ્યાએ આકસ્મિક કુલ ૧૭૫ રેડ કરી ૨૬૦ ટન જેટલો આશરે રૂા.૭.૩ કરોડનો શંકાસ્પદ ખાદ્યચીજનો જથ્થો તહેવારો દરમ્યાન ગ્રાહક સુધી ન પહોંચે તે માટે તંત્ર દ્વારા સીઝ કરવામાં આવ્યો હતો. આ ખાદ્ય પદાર્થો બિનઆરોગ્યપ્રદ હોઈ તેમનો પૃથકકરણ અહેવાલ આવ્યા બાદ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત, નાગરિકોના આરોગ્યના હિતમાં ૧૨,૦૯૫ કિલોગ્રામ બિનઆરોગ્યપ્રદ ખોરાક, જેની કિંમત અંદાજે રૂા.૨૨.૩ લાખ થાય છે, તેનો નાશ પણ કરવામાં આવ્યો હતો.

---

# ગુરૂવારે શુભ પ્રદોષકાળમાં નિશીથકાળમાં દીપાવલી શુભ

આસો વદ ચૌદશને તા.૩૧-૧૦-૨૪ના દિવસે દિવાળી છે. બપોરે ૩:૫૩ સુધી ચૌદશ તિથી છે ત્યાર બાદ અમાસ તીથી છે. નિયમ પ્રમાણે પંચાંગ પ્રમાણે આ દિવસે દિવાળી છે. ખાસ કરીને દિવાળીમાં સાંજના પ્રદોષકાળનું તથા રાત્રિના નિશીથ કાળનું મહત્વ હોય છે. જે ગુરૂવારે છે આથી ગુરૂવારે દિવાળી શુભ છે.

**દિવાળીનું મહત્વ દીપાવલીનું મહત્વ**

આ દિવસે સમુદ્રમાંથી લક્ષ્મીજીનો પ્રાદુર્ભાવ થયેલો. શ્રી રામચંદ્ર ભગવાન રાવણને મારી વિજય મેળવી અને દીવાળીના દિવસે અયોધ્યા પરત પધાર્યા હતા. ઉજ્જૈનના સમ્રાટ વિક્રમાદિત્યએ સુરાજય શાસન પર્વની સ્થાપના આ દિવસે કરી હતી. શ્રી કૃષ્ણ ભગવાને કાળી ચૌદશના દિવસે નરકાસુરનો વધ કર્યો અને બીજા દિવસે એટલે કે દિવાળીના દિવસે લોકોએ ઉત્સવ ઉજવ્યો હતો. પાંડવો ચૌદ વર્ષનો વનવાસ ભોગવી અને હસ્તિનાપુર પધાર્યા તે દિવસ હતો દિવાળીનો. આમ અલગ અલગ પ્રકારે દીપાવલીનું મહત્વ રહેલું છે. પુરાણમાં મહત્વ આપણા પદમ પુરાણ ભવિષ્ય પુરાણ ગ્રંથોમાં જુદી જુદી રીતે દિવાળીનું મહત્વ છે. તેમાં ખાસ કરીને બ્રહ્મ પુરાણ પ્રમાણે દિવાળીની રાત્રિએ લક્ષ્મીજી સ્વયં લોકોના ઘરમાં પધારે છે આથી જ લોકો ચોપડા પૂજન કરે છે અને પોતાનું ઘર સ્વચ્છ રાખે છે.

**ચોપડા પૂજનનું મહત્વ :** મહાલક્ષ્મીજીના આઠ સ્વરૂપ છે. દિવાળીના ચોપડા પૂજનમાં ક્લમ એટલે કે પેનને મહાકાળીનું સ્વરૂપ ગણી પૂજા કરવામાં આવે છે. માં લક્ષ્મીજીનો સિક્કો ચોપડા ઉપર રાખી પૂજન કરવામાં આવે અને મહાસરસ્વતી એટલે કે ચોપડા ચોપડાનું પૂજન સ્વયં સરસ્વતી માતાજી તરીકે પૂજવામાં આવે છે. આમ ચોપડા પૂજનમાં મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતીનું પૂજન કરવામાં આવે છે અને છેલ્લે લક્ષ લાભ. લાભ સવાયા બોલવામાં આવે છે એટલે કે મહાલક્ષ્મીજીની કૃપાથી અમારો વ્યાપાર સવાયો થાય.

**અષ્ટ લક્ષ્મીનાં નામ :** ૧. ઓમ શ્રી લક્ષ્મયૈ નમઃ, ૨. ઓમ વિદ્યા લક્ષ્મી નમઃ, ૩. ઓમ સોભાગ્ય લક્ષ્મી નમઃ, ૪. ઓમ અમૃત લક્ષ્મી નમઃ, ૫. ઓમ કામ લક્ષ્મી નમઃ, ૬. ઓમ સત્ય લક્ષ્મી નમઃ, ૭. ઓમ ભોગ લક્ષ્મી નમઃ, ૮. ઓમ યોગ લક્ષ્મી નમઃ.

**દીપાવલીના શુભ મુહૂર્તની યાદી**

ગુરૂવારે સાંજના શુભ ૪૨:૪૫ થી ૬:૧૦, ગુરૂવારે રાત્રિના અમૃત ૬:૧૦ થી ૭:૪૫, ચલ ૭:૪૫થી, રાત્રે લાભ ૧૨:૩૧ થી ૨:૦૬, મોડી રાત્રે શુભ ૩:૪૨ થી ૫:૧૦, સાંજે પ્રદોષ કાળનો શુભ સમય ૬:૧૦ થી ૮:૪૨, મધ્ય રાત્રીએ નિશીથ કાળ ૧૨:૦૫ થી ૧૨:૫૬.

**- શાસ્ત્રી રાજદીપ જોષી(વેદાંત રત્ન)**

---

# જૂનાગઢમાં સેવાભાવી સંસ્થાઓ દ્વારા જરૂરીયાતમંદ પરિવારોને ચીજ વસ્તુનું વિતરણ કરાયું





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

ગુજરાત રાજય સ્વામી વિવેકાનંદ બોર્ડ તથા સત્યમ સેવા યુવક મંડળ ગાયત્રી પરિવાર ચેરીટેબલના સયુંકત ઉપક્રમે જૂનાગઢ મહાનગર વોર્ડ નંબર -૧૫ ખાતે દિવાળી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. સેવા વસતીમાં દિવાળી પર્વને ઉજળું કરવા મોહનથાળ, ગાઠીયા, ચવાણું, ફડાકડા, કપડા જેવી વસ્તુઓનું વિતરણ જરૂરિયાતમંદ દરિદ્રનારાયણ પરિવારના ૧૫૦ બાળકોને વિતરણ કરવામાં આવ્યું હતું. તેમાં સત્યમ સેવા યુવક મંડળ પ્રમુખ મનસુખભાઈ વાજા, ગાયત્રી પરિવાર ચેરીટેબલ નાગભાઈ વાળા, વોર્ડ સંયોજક કેતનભાઈ નાંઢા, રૂષિરાજ આશ્રમ બલરામ બાપુ, મહેશ્વરી માતાજી, રોકડીયા હનુમાન મનહરદાસબાપુ, દાતા પ્રકાશભાઈ મહેતા(અમેરીકા), મનિષભાઈ લોઢીયા, દયાબેન માણેક, બટુકબાપુ, શાન્તાબેન બેસ, અલ્પેશભાઈ પરમાર, કમલેશભાઈ પંડયા, મુકેશગીરી મેઘનાથી, ચંપકભાઈ જેઠવા, દેવભાઈ ભાનુશાળી, મનોજભાઈ સાવલીયા, કમલેશભાઈ ટાંક, પ્રકાશભાઈ વિગેરે દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું.

---


**પાંચમી પૂણ્યતિથી નિમિત્તે શ્રધ્ધાંજલી**



**સ્વ.રેખાબેન ભરતભાઈ રાવલ**

સ્વ.તા.૩૦-૧૦-૨૦૧૯

પરિવાર જેનું મંદિર હતું. સ્નેહ જેની શક્તિ હતી. પરિશ્રમ જેનું કર્તવ્ય હતું. પરમાર્થ જેની ભક્તિ હતી. ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચૂકયા નહીં, પરિવાર માટે ફુલો પાથરી ગયા, એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના....

લી.

**શ્રી ભરતભાઈ એમ. રાવલ** (એડવોકેટ એન્ડ નોટરી), જૂનાગઢ

**શ્રીમતિ જાગૃતિબેન શ્રીકાંતભાઈ મહેતા** - અમેરીકા

**શ્રીમતિ પ્રતિક્ષાબેન કૃણાલભાઈ રાવલ** - સાઉદી અરેબીયા

**શ્રીમતી ઋચાબેન દિપેશભાઈ ભટ્ટ** - એડવોકેટ - વાપી (વલસાડ)

**તથા સમગ્ર રાવલ પરિવાર**



**પાંચમી પૂણ્યતિથી નિમિત્તે શ્રધ્ધાંજલી**



**સ્વ.રેખાબેન ભરતભાઈ રાવલ**

સ્વ.તા.૩૦-૧૦-૨૦૧૯

પરિવાર જેનું મંદિર હતું. સ્નેહ જેની શક્તિ હતી. પરિશ્રમ જેનું કર્તવ્ય હતું. પરમાર્થ જેની ભક્તિ હતી. ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચૂકયા નહીં, પરિવાર માટે ફુલો પાથરી ગયા, એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના....

લી.

**શ્રી ભનુભાઈ જે. ગોહેલ**

મો.૯૮૨૫૬ ૨૯૨૪૮ / ૮૩૨૦૯ ૧૧૯૨૦

**સાંઈનાથ કોમર્શીયલ એન્ડ કન્સલ્ટન્સી સર્વિસ**

૩૦૧, સહયોગ ચેમ્બર, ત્રીજા માળે, તળાવ દરવાજા, જૂનાગઢ




"સરદાર પટેલની જન્મજયંતી અને રાષ્ટ્રીય એકતા દિવસ આપણાં માટે માત્ર એક તારીખ નથી.
પરંતુ ભારતના સામર્થ્યને દર્શાવતું એક પર્વ છે"
– વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી

**તારીખ:** 31 ઓક્ટોબર, 2024 | **સમય:** સવારે 07:15 વાગ્યાથી | **સ્થળ:** એકતાનગર, ગુજરાત

સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ ડીડી ન્યુઝ ચેનલ પર DD NEWS